ગજરામારૂજી
ની વાર્તા.

સર્વે શોખીન સજ્જનોને વાસ્તે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

અમદાવાદ.

આવૃત્તિ [illegible] પ્રત [illegible]

[illegible]

સંવત [illegible] સને [illegible]

ગજરામારૂજીની વારતા.

દુહો—પ્રથમ સારદાને વીનવુંરે, કાંઇ ગણુપત લાગું પાયરે, કાંઇ. શુધ બુધ તમો આપજોરે, મારી જીભલડીએ જશ થાયરે; મા. દુંદાળો દુખ ભંજનોરે; કાંઇ સહાયે બારે વેશરે; કાંઇ. પ્રથમ સમરૂ હુંતો તેહનેરે એ ગવરી પુત્ર ગણેશરે, એ. શ્રીગુરૂને હુંતો ચરણે નમુંરે કાંઇ ગણુપતિ રહું કર જોડરે, કાંઇ. સૌને કરૂં હુંતો વિનતિરે, કાંઇ મુજને ન દેશો ખોડરે. કાંઇ.

માંડવગઢ શેહેરના જામ રાજાને સાત રાણીયો હતી તેમાં છ માનીતી અને એક દામાવતી રાણી અણુમાનીતી હતી, એ સાતે રાણીઓમાં કોઇને પેટે દીકરો નહોતો. એક દહાડો સવારના પહોરમાં પાસેના ગામની એક ઢેયડી સુંથીઆં સાવરણી વેચવા સારૂ શેહેરમાં આવતી હતી પણ રસ્તામાં વેગળેથી રાજાને સંડાસમાં જતા જોયા, એટલે વિચાર કર્યો કે સાત રાણીએ રાજા વાંઝીઓ છે માટે તેનું મુખ જોવાથી મને અપશુકન થશે, અને મારાં સુંથીઆ સાવરણી ખપશે નહીં. એવું ધારી તેણીએ સામી સાવરણી ધરી, પુઠ ફેરવી ઉભી રહી, તે જોઇને જામરાજા બહુ ગુસ્સે થયો, અને ઢેયડીને બોલાવી પુછવા લાગ્યો.

દુહા—સાચું બોલ તું તો દાસનીરે, કાંઇ જુઠાં વચન ન બોલરે, કાંઇ૦ જીવતાં ચઢાવું તુંને શુળીએરે કાંઇ છુંદી પડાવું તારી છોલરે. કાંઇ૦

હે ઢેયડી સાચું બોલજે તેં મારા સામી સાવરણી શા માટે ધરી, જેવું હોય તેવું કહે, નહીતો તને શુળીએ ચડાવીશ, ને તારા શરીરની ચામડી ઉતરાવીશ. તે સાંભળી ઢેયડી ગભરાણી અને બોલી કે મહારાજા સાચું બોલીશ તો તમને રીશ ચડશે, રાજા કહે સાચું બોલીશ તો તને છોડી મુકીશ. અને ખુશી કરીશ, એવું સાંભળીને ઢેયડીના મનમાં ધીરજ આવી અને તે બોલી.

દુહો—મેલામાં જોને ડુંગરો, કાંઇ તેથી મેલો લોભરે, કાંઇ૦ તેવો કાળો રાજા વાંઝીઓ તોતે મુવે ન પામે મોક્ષરે; તેતો૦ ડુંગરો એટલે પેટમાં પાપ રાખી પોતાની વાત બીજાને જણાવતા નથી તે મેલો કહેવાય છે, અને નથી ઉતરતે દરજ્જે લોભી માણસ છે. એ બંને કરતાં વધારે વાંઝીઓ કહેવાય છે; વાંઝીઆને સ્વર્ગમાં અધિકાર નથી, માટે તેવા પુરૂષનું સવારના પોહોરમાં મુખ જોવું ન

એ ઘણું નખેદછે, આપને સાત રાણીઓ છતાં પુત્ર નથી તેથી મારે સાવરણી આડી ધરવી પડી, આ વાત સાચી કહીછે હવે મને રજા આપો, રાજાએ ઢેયડીની વાત સાચી માનીને તેની ઉપરથી રીસ ઉતારી નાંખી, અને પોતાની સાથે દરબારમાં લઇ ગયા, ત્યાં ચોખાનો ઢગલો પડ્યો હતો તેમાંથી ગાંસડી બાંધી આપી ઢેયડીને વીદાય કરી. રસ્તે જતાં વિચાર કરવા લાગી કે હવે સાવરણીને સુંથીઆં વેચવાની જરૂર નથી, એકે ત્રણ મહિના જેટલી ખરચી આ ચોખા મળ્યા છે એમ ધારી પછી પોતાને ઘેર ગઇ, ત્યાં તેના ધણીએ પુછ્યું કે તું આ ચોખા ક્યાંથી લાવી ત્યારે ઢેયડીએ કહ્યું કે તમારે શું કામ છે. ધણીએ કહ્યું કે રાંડ સાચું બોલ નહી તો ઘરમાં પેસવા નહી દઉં, ત્યારે તે બોલી હું તો રાજાને ત્યાંથી લાવી છું. તે સાંભળીને તેનો ધણી કહેકે એ ચોખા આપણે જોઇએ નહી, રાજા વાંઝીઆ છે માટે તેમનું મોં જોવાય નહી તો પછી તેમનું અન ખવાય. ઢેયડી કહેછે કે આખુ શેહેર એમનું અન્ન ખાય છે, તો આપણને શી હરકત છે? શું આપણે બધાં કરતાં મોટાં કે રાજાનું ન ખાઇએ, તે સાંભળી તેનો ધણી બોલ્યો કે જે શાસ્ત્ર નથી સમજતા તેજ રાજાનું હરામ ખાય છે, પણ સમજુ તેતો હલાલ કરીને ખાતાના રાજા મફત કાંઇ આપે પણ સમજુ તો લે નહી, જો તને વિશ્વાસ આવતો ન હોય તો સરખાવી જો, આપણા ઘરમાં કોદરા છે તે ભરડો અને તેમાંથી કોદરી કહાડ. અને તેના ભેગા રાજાના ચોખા ભેળવી ચકલાંને નાંખજે તે જનાવર ચોખા ખાઈ જશે તો આપણે ખાઇશું. ઢેયડીએ કોદરી અને ચોખા ભેગા કરીને ચકલાંને નાખ્યા પણ ચકલાંએ કોદરી વીણી ખાધી અને ચોખા રહેવા દીધા આવો પ્રતક્ષ દાખલો જોઈ ઢેયડી ચોખાનો પોટલો માથે ચડાવી રાજાના દરબારમાં પાછી આવી રાજાને કહ્યું કે જનાવર સરખાંએ તમારૂં અન્ન ખતાં નથી, તો અમે કેમ ખાઇએ? એમ કહીને ચોખા પાછા નાંખીને પોતાને ઘેર ગઇ.

વે રાજાને ઓળગાણીની વાતો સાંભળતાંજ રાજ્યાસનનું સુખ કશાકામનું નથી, ન ધારી પોતાની છ માનીતી રાણીઓને બોલાવી કહ્યું કે સાત રાણીઓ છતાં આમેણું રહ્યું ને તે મહેણાને લીધે મારૂં કોઇ મોં જોતું નથી, અને શુકન લેતું નથી. માટે હવે હું નગરમાં રહેનાર નથી. મારે રાજપાટ જોઇતું અઘોર વનમાં જઈ ત્યાં કોઇ દેવની સેવા પૂજા કરીશ. અને જો

તે દેવ મારૂં વાંઝીયામેણું ભાગશે, તોજ નગરમાં પાછો આવીશ. નહીંતો જં-
ગલમાં ભટકીને આવરદાનો છેડો લાવીશ, આમ કહી ફુલશિંગ વજીરને રાજ-
પાટ સોંપી પોતે શામ ઘોડા ઉપર સ્વાર થઇ ચાલી નીકળ્યા.

દુહા—રાણી રૂવે રંગ મોહોલમાં કાંઈ દાસી રૂએ દરબારરે, કાંઇ૦ રઈ-
યત રૂએ સારા શહેરનીરે, કાંઇ વરતાયો હાહાકારરે; કા૦ હાટે રૂવે હાટવાણીયારે,
ને તો પાડી બેઠા હડતાળરે; કાંઇ પ્રાણી માત્ર રહે ઉદાસમાંરે, કાંઇ વૃક્ષ નમાવી
છે ડાળરે: કાંઇ૦ કાળે ઘોડેને કાળે લુગડેરે, કાંઇ રાજા ચાલ્યા વનવાસરે! કાંઇ૦
વાંઝીઆ મેહેણું ભાગવારે, કાંઈ છોડી ચાલ્યા નગરની આશરે; કાંઇ૦

હવે રાજા નગરમાંથી નીકળ્યા કે તમામ રંગ મેહેલમાં રાણીઓ રૂદન કરવા લાગી અને દાસીઓ ચાકર નફર અને નગરમાં વસનારા લોકોએ ઘણું કલ્પાત કરવા માંડયું, નગરના લોકોને ઉદાશ જોઇ પશુ પક્ષિ પણ દિલગીર થયાં, પશુ પક્ષિનો શોકાતુર દેખાવ છતાં રાજા પોતે વાઝીઆ મેહેણું ભાગવાની આશાએ રાજપાટ અને કુટુંબ કબીલો મુકીને જંગલમાં એકલો ચાલી ગયો. આગળ જતાં એક મોટું બપહયા વન આવ્યું ત્યાં ઝાડની મોટી ઘટા જોઇ પોતે ઝાડ તળે વીસામો કર્યો. ત્યાં પવનથી ખરી પડીને પાંદડાંના ઢગલા જમીન ઉપર પડયા છે. તે ખસેડીને હાથ વતી રાજા જમીન સાફ કરે છે. એટલે પાંદડામાં ઢંકાએલી જળાધારી સહિત મહાદેવની મૂર્તિ રાજાની નજરે પડી. તે જોઇ રાજા હરખ્યો કે હું કોઇ દેવને ખોળવા નીકળ્યો હતો તે મારા ઉપર કૃપા કરીને મને સામા આવી મળ્યા. માટે હું આ જગાએ રહીને મહાદેવ આગળ તપ કરૂં એમ આદરીને મહા-દેવની પૂજા કરવા લાગ્યો. પૂજા કરતાં બાર વરસ વીતી જવા આવ્યાં તો પણ મહાદેવ કાંઇ પ્રસન્ન થયા નહી, એવામાં એક દિવસ બે શીકારીઓ શીકાર કરવા નીકળ્યા હતા, તે શીકારીઓ ઝોળીઓ ખભે ભરાવી ચાલ્યા આવે છે. તેઓએ વે-ગળેથી રાજાને અને ઘોડાને દીઠો, એટલે વિચાર કરે છે કે આપણે પેલા આદમીને મારી નાંખી તેની પાસેથી ઘોડો લઇએ એવું ધાર્યું. તે શીકારીઓને દીઠા એ રાજા વીચાર કરે છે કે આ લુટારા છે, તેઓ આ ઘોડાની લાલચે મને મારી શે, આ રાજપાટ મુકીને મરવા સારૂ અહીં આવ્યો છું, હાથે મરવું તેના પરાયા હાથે મોત થશે તો આત્મહત્યા કરવા બાબત નરકમાં જવું નહી પ

મતીએ જઇશ. એવું ધારી હિંમત રાખી રાજા બેઠા છે. એટલામાં પેલા શીકારી આવી પહોંચ્યા અને કરડી આંખ કરી ઉભા રહ્યા છે. જો તમારા મનમાં હોય તે તાકીદથી કરી નાંખો. એટલે હું આ દુખમાંથી છુટીને તરત પરમેશ્વર પાસે સુખમાં જઇ બેસું. આ વાત સાંભળી શીકારી વીચારમાં પડયા કે આ કોઇ મોટો માણસ છે. કારણ કે આપણે એક ગાફ ઉપર જે વીચાર કર્યો હતો ને તેના જાણુવામાં આવ્યો, માટે માનો ન માનો પણ આ કોઇ દેવતા છે એમ ધારી મારવાની વાત ભુલી જઇને હાથ જોડી રાજાને પુછે છે કે મહારાજ તમે કોણછો અને અહીં જં-ગલમાં શા કારણે બેઠાછો? રાજા કહે ભાઇઓ હું રાજા છું પણ મહારે પેટ કાંઇ છોકરૂં નથી, માટે વાંઝીયા મેહેણું ભાગવા સારૂ આ મહાદેવની શેવના કરૂં છું તે સાંભળી શીકારીઓ વિચાર કરેછે કે આપણે પેટ છોકરૂં નથી, અને વાંઝીઆ છીએ, માટે આમની જોડેંબેશી તે મહાદેવની સેવા કરીશુ તો પુત્ર થશે. એમ ધારી ઝાડે ઝોળિયો ભરાવી મહાદેવની સેવા કરવા બેઠા ને જ્યાં બે ને ત્રણ દિવસ થયા, એટલે પેલાશીકારીઓને ભુખ લાગી અને તેમનાથી ભુખે રહેવાયું નહી, એટલે વિચાર સુઝ્યો કે આપણાથી હવે ભુખ્યા રહેવાશે નહીં અને આપની પાસે શીકાર લાવેલો તઇયાર છે તે ખાઇએ, એમ ધારી ઝોળીમાંથી શીકાર બહાર કાઢીને મહાદેવની જ-ટાધારી ઉપર મુકી કાપવા માંડયો એટણે તમામ જટાધારી અને શિવલિંગ રૂધીર-થી ભરાયું, આવું અઘોર કામ જોઇ મહાદેવ અકળાયા કે આ પાપી કેમે કર્યા જશે નહી, અને મને ભ્રષ્ટ કરી નાંખશે. એમ ધારી પોતે જોગીનો વેશ લઇ, શીકારીઓ-ના સામા આવી ઉભા રહ્યા. અને શીકારીઓને કહ્યું કે અરે મુરખ, તમે આ શુ કામ કરો છો, અને અહીઆં કેમ આવ્યા છો શીકારીઓએ કહ્યુ કે અમારે પેટ કાંઇ છોકરૂં નથી. તે સારૂ મહાદેવની પાસે પુત્ર લેવા આવ્યા છીએ તે આપશે એ-ટલે જઇશું, લીધા સિવાય જતા નથી. મહાદેવે વિચાર્યું કે આ પાપીઓને હવે પુત્ર આપું એટલે અહીથી જાય, એમ ધારી મહાદેવે શીકારીઓને કહ્યું કે ઘેર જાઓ ને પુત્ર થશે, શીકારીઓએ કહ્યું કે વચન આપોતો જઇએ, પછી મહાદેવે વચ-ન આપી અંતરધ્યાન થયા, અને શીકારી પણ હરખાતા હરખાતા પોતાને રસ્તે ગયા. આ તમાસો જોઇ રાજા જામ વિચાર કરે છે કે આપણા કરમની વાત છે, બાર વરસના અપવાસ કરીને સેવના કરૂછું પણ મહાદેવ મને કોઇ દીવસ

સ્વપ્નામાં દેખાતા નથી. અને આ બે પાપી ચંડાળ એક બે દીવસ આવીને બેઉને મહાદેવની જળાધારી અપવીત્ર કરી તેમને મહાદેવે પુત્ર આપ્યા વાસ્તે હું પણ તેમની માફક કરૂં. એ વિચારી પોતાના ઘોડાનું દોરડું છોડીને ઉંચે ઝાડ સાથે બાંધ્યું. અને પોતાના બે પગ બાંધીને પોતે નીચે મોઢે લટકીને એક હાથે મહાદેવની મુર્તિ ઉપર કટારો ધાલીને હીંચકા ખાવા લાગ્યો એટલે કટારની અણીનીધાર માથા સાથે અથડાઈ માથુ ખુદાવા લાગ્યું અને મહાદેવની જળાધારી લોહીથી ભરાવા લાગી. આવી કમકમાટ ભરેલી રીતે રાજા કમળ પુજા કરે છે તે જોઈ શીવને ઘણો ત્રાસ આવ્યો, અને એકદમ રાજાની સામા આવીને ઉભા રહ્યા અને રાજાને કહ્યું કે તું આટલું બધું શું કરવાને કરે છે ? રાજા કહે કે મહારાજ, હું બાર બાર વરસથી પુત્રની આશાએ રાજપાટ મુકી ભુખ તરસ વેઠી તમારી શેવના કરૂ છું તોપણ તમે પ્રસન્ન થયા નહી, ને આ પેલા શીકારી પાપી કરમના કરનાર તેમને તમે એક બે દીવસમાં પુત્ર આપ્યા માટે મારે તો હવે તમારે માટે મરવું છે. મહાદેવ કહે કે જેણે જેવું કર્યું હશે તેને તેવું ફળ મળશે મે એમને પુત્ર આપ્યા પણ તે પુત્ર છાણમાં કીડા પેદા થઈને મરી જાય છે તેમ ઉછરીને મરી જશે, અને તને જે પુત્ર આપવાનો તે કોઈ નામના કરવા લાયક થશે માટે હવે તું તારા પગ છોડી નાંખ હું તારા ઉપર ઘણો તુષ્યમાન થઇ ગયો છું. પછી રાજાએ હાથ પગ છોડી નાંખી બે હાથ જોડી પોતે મહાદેવના સામા ઉભા રહ્યા, માહાદેવે પુછ્યું કે તમારે કેટલી રાણીઓ છે રાજાએ કહ્યું કે સાત રાણીઓમાં છ માનીતી અને એક અણમાનીતી છે: પછી મહાદેવે કહ્યુ કે ઊંચુ જો આ ઝાડ શેનુછે ? રાજાએ જોયુ એટલે આંબાનું ઝાડ દીઠું. પછી મહાદેવે કહ્યું કે તેના ઉપર ફળ છે કે નહી ? રાજાએ બીજીવાર ફરીને આંબા સામું જોયું. તે આંબા ઉપર કેરીઓ ઝુલી રહી છે અને તે કાંઇ કારમી દેખાય છે; તે જોઈ રાજાએ કહ્યું કે મહારાજ બીનરને આંબા ઉપર કેરીઓ ઝુલી રહી છે, મહાદેવે કહ્યું કે આ મારો ધોકો લઇને જા અને આંબા ઉપર મારય પઈ તે કેરીઓ નીચે પડે તે તારી રાણીઓને ખવરાજે. એટલે પુત્ર થશે જો વ લોભ કરીશ તો બાર વરસની મેહેનત નકામી જશે. માટે બીજીવાર ધોકો નહીં તે સાંભળી રાજાએ ધોકો લઇને આંબા ઉપર માર્યો અને શીવ ' લોપ થઇ ગયા, હવે રાજાએ આંબા ઉપર ધોકો લઇને માર્યો કે સ'

નીચે પડી તે લેઇ ઝોળીમાં નાખી મહાદેવની પાસે આવી હાથ જોડીને કહ્યું કે:—

દુહા—જગસર માહાદેવ તમને વીનવુંરે, હું તો લળી લળી લાગુ પાયરે, હું તો૦ વાંઝીયા મેણું મારૂં ભાગીયુંરે, મારી સહાય કરજો સદાયરે; મા૦ વિધવા નગરી મારી સધવા થઇરે, કાંઇ ભાગ્ય તાગ્યો નહીં પારરે; કાંઇ૦ મેહેર કરી મહાદેવજીરે, મને આપ્યો નવો અવતારરે, મ૦

માહારાજ તમે મારૂં વાંઝીયા મેહેણું ભાગ્યું, તેથી મારા ભાગ્યની કાંઇ શીમા રહી નથી અને મહારી નગરી જે મારા વગર સુની પડી હતી, તે હવે મને જોઇને ઘણી ખુશી થશે. અને બહુ સુખ પામશે; કેમકે મને આજ નવો અવતાર આપ્યો, હું નગરમાંથી નીસર્યો ત્યારનો મરી ગયા બરાબર હતો, એવી રીતે રાજાએ મહાદેવને અરજ કરી, અને પ્રદક્ષણા કરીને ઘોડા ઉપર સ્વાર થઈ નગર ભણી ચાલ્યો. જ્યાં નગર નજીક આવ્યું એટલે લોકોએ રાજાને દીઠા અને રાજા આવ્યાની વાત ચાલી તેથી તમામ રઇયત બહુ ખુશી થઇ. ફુલસિંગ વજીરે પોતાનું બધું લશ્કર શણગાર્યું, અને સોનારૂપાના ફુલ પડાવી મોટી ધામધુમથી વાજતે ગાજતે રાજાની પાસે આવ્યો. રાજાના પ્રધાને તથા રાણીઓએ તથા રઇયતે સોના રૂપાના ફુલથી વધાવ્યા, અને રાજા પોતે રાણીઓના મેહેલમાં ગયા, અને પોતાની ૭ માનીતી રાણીઓને બોલાવી પેલી સાતે કેરીઓ આપી દીધી રાણીઓએ તે કેરીઓ ખાધી અને ગોટલા છોતરાં મેહેલની બહાર ફેંકી દીધાં પેલી અણમાનીતી રાણી દામાવતીએ પોતાની દાસીઓને કહ્યું કે માનીતી રાણીઓના મેહેલ આગળ જા અને જો કે રાજા શી નવી ચીજ લાવ્યાછે? બાર વરસે રાજા ઘેર આવ્યા છે, માટે કંઇક લાવ્યા તો હશે અને તે ચીજમાંથી કાંઇક નકામું બારણે ફેંકી દીધું હશે તે તું લઇ આવ, તે સાંભળી દાશી માનીતી રાણીઓના મેહેલ આગળ આવીને જુવેછે તો કેરીઓના ગોટલા છોતરાં દીઠાં, તે જોઇને બીને અચંબો લાગ્યો કે આ રતમાં આંબાનાં પાંદડાં સરખાં ખરી પડે છે, કેરીઓ ક્યાંથી? માટે આ કેરીઓજ નવીન ચીજ જણાય છે, એમ ધારી નાં ગોટલાં છોતરાં વીણી લઇને પોતાની બાઈ દામાવંતીને આપ્યાં, ને બાઈ રાજા તો નવી ચીજ કેરીઓ લાવ્યા છે, તેના ગોટલા છોતરાં તે હું લાવી છું, દામાવંતી કહે કે ગોટલા છોતરાં પણ કામનાં છે.

એમ કહી ખાંડી કુટીને પીવાની રાખ કરી રાખને પીવાનો વિચાર કરે છે એટલામાં તેને વેહેમ આવ્યો કે આતો દેવતાઇ ફળ છે, તેથી તેમાં કાંઇ દઇવિત હોય અને કદી મને ગરભ રહે તો પછી રાજા આળ મુકે અને તે ખરૂં મનાય કારણ કે મારા મોહોલે આવતા નથી માટે હું ફુલસિંગ વઝીરને બોલાવી તેના રૂબરૂ પીઉં, તો કોઇ દીવશે રાજાને મોટે મારી સાખ પુરે એમ ધારી દાસીને ફુલશિંગ વઝીરને તેડવા મોકલી. દાશીએ જઇને ફુલસિંગ વઝીરને કહ્યું કે મારી બાઇ તમને તેડેછે વાસ્તે હાલ ચાલો. પછી ફુલસિંગ વઝીર દામાવંતી રાણીના મેહેલ આવ્યા, રાણીએ આસન આપ્યું વઝીર કહે કે રાણીજી તમે મને કેમ તેડાછે ને એવું શું તાકીદનું કામ પડ્યું છે તે મને કહો. રાણી કહે કાંઇ મોટું કામ નથી પણ સેહેજ વાતછે. તે તમને કહુંછું. રાજા પુત્રની આશાએ બહાર ગયા હતા. ત્યાંથી બાર વરસે આવ્યા ત્યારે કેરીઓ લાવ્યા હતા, તેના ગોટલા છોતરા મારા હાથમાં આવ્યાંછે, તેની રાખ કરી પીવાનો મેં વિચાર કર્યો છે કદાચ કોઇ મોટા પુરૂષે તે કેરીઓ પુત્ર થવા સારૂ આપી હોય ને કદી મને ગરભ રહેતો મારે માથે કલંક મુકે, શાથી જે હું રાજાની અણમાનીતી છું તે સારૂં તમને વચમાં રાખવા તેડ્યા તે પ્રધાને કહ્યું કે બાઇ એમાં તે શું છે તમે સુખેથી તે રાખ પીઓ પુત્ર થશે તો તમારી વતી હું જવાબ દઇશ. વઝીરે ધીરજ આપી એટલે દામાવંતી રાણીએ વઝીરના દેખતાં ચંદ્ર સૂરજની સ્તુતિ કરવા માંડી.

દુહો—ચંદ્રમા સૂરજ તમને વિનવુંરે, મારી સાચેરી પુરજો શાખરે: મા૦ રાજા મોહોલે નથી આવતારે, મને કુડી ચડાવે આળરે; મ૦ પીતા વીના જોને પુત્ર થયોરે, એવી આપશે મુજને ગાળરે: એ૦ જગસર માહાદેવ તમને વીનવુંરે મારી ભલેરી રાખજો લાજરે, મા૦ પુત્ર પ્રસાવીને આપશો, મારા સરશે સઘળાં કાજરે, મા૦ ફુલસંગ વઝીર તમને વીનવુંરે, મારી સાચેરી પુરજો શાખરે મા૦ રાજા મોહોલે નથી આવતારે, મને કુડી ચડાવશે આળરે, મ૦ પીતા૦ ના પુત્ર થયોરે, એવી આપશે મુજને આળારે, એવી૦

હે ફુલસંગ વઝીર તમારી અને ચંદ્ર સૂરજની સાખે આ કામ કરૂંછું મારા ભાગ્યમાં હોય ને મહાદેવ મને પૂત્ર આપે તો મારી લજ્યા તમારા ·

માંછે. એટલું કહી રાણીએ ફુલસંગ વજીરને વિદાય કીધા, એટલે તે પોતાને ઘેર ગયા, હવે રાણીએ વીચાર કર્યો કે રાખ પીવાથી કદાચ મને પુત્ર થશે તો તેને ચઢવા લાયક ઘોડો જોઇશે માટે મારી ઘોડીને અડધી રાખ પાઉં તો વછેરો તેના જેવોજ થાય, એવું ધારી અડધી પોતે પીધી અને અડધી ઘોડીને પાઇ, તે દીવસથી રાણીને અને ઘોડીને સાથે ગરભ રહ્યો પણ ૭ માનીતી રાણીઓને કેરીઓ ખાધાથી ગર્ભ રહ્યા અને જ્યાં નવ મહીના પુરા થયા એટલે સાત રાણીઓને પુત્ર અવતર્યા, અને અઢાર મહીને ઘોડીને પણ મહા જોરાવર વછેરો થયો, માનીતી રાણીઓને રાજાએ કેરીઓ આપી, અને રાણી દામાવંતી અણમાનીતી જાણીને આપી નહીં. એટલો વેરાવંચો કરવાથી મહાદેવ કોપાયમાન થયા, એટલે ૭ રાણીઓને પુત્ર કદરૂપા, લુલા અને લંગડા અવતર્યા. અને હેતે કરીને ગોટલા છોતરાંની રાખ પીનારી પેલી અણમાનીતી દામાવંતીને મહા બલીવાન અને તેજસ્વી પુત્ર પેદા થયો પેલી ૭ માનીતી રાણીઓને પુત્ર આવ્યાની વધામણી રાજા પાસે ગઈ. તેથી રાજા રાચ્યા પણ અણમાનીતીને પુત્ર થયો તેની કોઇને ખબર નથી સવારના પહોરમાં દામાવંતી પોતાની દાશીને બોલાવીને કહેછે:-

દુહો—દાશીરે મારી જોને બેનડીરે, તુંતો ઝટપટ તઇયાર થાવરે, તું૦ જન્મોતરી કરાવીને પુછીએરે, કાંઇ જોશીને તેડવા જાયરે. કા૦

અરે ઓ દાશી તું ઝટપટ તઇયાર થઇને જા જોશીબાવાને બોલાવી લાવ કે આપણે બાલની જન્મોતરી કરાવીએ. દાશી જોશીને બોલાવી પોતાની બાઇ પાસે આવી, રાણીએ કહ્યું કે મહારાજ કુંવર આજ રાત્રે અવતર્યાછે, માટે ક્યા નક્ષત્રમાં તેમનો જન્મછે અને શું નામ પાડવું તે મને કહો. જોશીબાવાએ જન્માક્ષર તઇયાર કરી ગ્રહ ઉપરથી નામ કાઢીને કહ્યું કે:

દુહો—સારે નખેત્ર કુંવર આવીયોરે, એતો રાખે પિતાનો હામરે, એતો૦ ધતે પુજે એના તેજથીને, એનું મતીઓમારૂ આવે નામરે, એ૦ જોરે મતેરે સજીતશેરે, એતો ઝાઝેરી રાખશે હામરે, એતો૦ જમસર માહાદેવ એની સરે, એનું ગજરો મારૂ પાડો નામરે. એનું૦

બાઇતો એવા શુભ અને તાપકારી નક્ષેત્રમાં જન્માછે કે તેઓ મહા પ-

રાક્રમી જોરાવર અને કાન્તીવાન થશે. પોતાની બુદ્ધિથી કામ કરશે, આભની સાથે બાથ ભીડવાને હીમત ચલાવશે, એના તેજથી આખી દુનીયા અંજાઇ જઇ એને વશ થશે, પિતાની ગાદી પોતે ભોગવશે, પણ બાર વરસની ઉમરમાં કુંવરને વ-નવાસ જવું પડશે, વનમાંથી આવ્યા પછી કુંવર ગાદીએ બેસશે એવું કહ્યાથી રાણી ઘણા ખુશી થયાં, અને દાશીને કહ્યું કે, જોશીને શેલાં પાઘડી અને હીરા જડીત સોનાનાં કડાં પેહેરાવજો, દાસીએ તે પ્રમાણે સરવે આપ્યું. એટલે જોશી માહારાજ રાજી થઇ પોતાને ઘેર ગયા. દામાવંતીના હરખની કંઇ શીમા રહી નહીં તેણે બ્રાહ્મણ, ભાટ, ભવાયા અને બીજા માગણ લોકને ધન આપી ખુશી કર્યા હવે કુંવર દીવસે ન વધે તેમ રાતે વધે એ રીતે સાત વરસની ઉમરના થયા એટલે ભણવા સારૂ મુકયા ભણીગણી મહા વિદ્વાન થયા અને જેમ જેમ મોટી ઉમરના થતા ગયા તેમ તેમ પોતાની હુશીયારી ચતુરાઇ અને અંગની ખુબી બહાર નીકળવા માંડી. એક દીવસ જામ રાજાએ પોતાની માનીતી રા. ણીઓના કુંવરને દરબારમાં બોલાવ્યા. અને તેમની ગાદી પોતાની પાસે નંખાવી તે ઉપર બેસાડ્યા. કુંવરો જોઈ તમામ સભા લાજવા લાગી અને માંહોમાંહે સહુ હસવા લાગ્યા. એટલે ફુલસંગ વજીર વિચાંર કરેછે કે, આ વખતે જો દામાવં તીનો કુંવર ગજરોમારૂ હોય તો બધી સભા ઝાંખી પડી જાય પણ તે રાજાના કહ્યા વગર તેડી કેમ લવાય, રાજા ગુસ્સે થાય તે શીવાય બીજીતો કાંઈ હરકત નથી. ખેરા રાજા ગુસ્સે થશે તો થા, પણ આ વખત તે કુંવરને તેડી લાવું એમ ધારી વજીર દામાવંતીના મોહોલે આવ્યો, અને રાંણીને કહ્યું કે બા તમારી પાસે એક ચીજ માગી લેવા આવ્યો છું. રાણી કહે ભાઇ અણમાનીતી પાસે એવી શી ચીજ માગવાની છે કે તમે એકાએક મારા મોહોલે પધાર્યા? મારા મો હોલ કરતાં તો તમારા રાજાને ત્યાં જે જોઇએ તે હશે. મારી પાસે માગશો તે આપી શકાય તેવી હશે તો હું જરૂર હાજર કરીશ, માટે કહો તમારે શી ચી-જનો ખપ પડ્યો છે વજીર કહે બાઇ ચીજતો કાંઈ જોઇતી નથી, પણ તમારે કુંવર રાજા પાસે મારી સાથે મોકલો, એટલી મારી અરજ છે. રાણી કહે નીતી રાણીઓના ૭ કુંવર છતાં મારા કુંવર વગર રાજાને શું કામ અટ. પડ્યુંછે. પ્રધાને કહ્યું રાજાને તો કામ નથી પણ સેહેજ હું તેડવા આવ્યોછુ

ત્યાં રાજાના કુંવર આવીને બેઠા છે તેમને જોઇને તમામ સભા લાજી મરે છે, માટે હું તેડવા આવ્યો છું. દામાવંતી કહે કે બાપ્ર રાજાને મારે અંટસ છે તે તમો જાણો છો, માટે મારા કુંવરને કાંઇ કરે ત્યારે મારો શો ઉપાય? વજીરે કહ્યું કે જ્યાં સુધી મારા જીવમાં જીવ છે; ત્યાં સુધી ગજરામારૂનો વાળ વાંકો થવા દેનાર નથી. રાણી કહે ત્યારે તમારી સાથે મોકલુંછું, પણ જો મારા કુંવરને કાંઇ થસે તો હું આપઘાત કરીને મરીશ, તેની હત્યા તમને લાગશે, માટે કુંવરને બચાવવાની હીમત હોયતો લઇ જજો, વજીરે કહ્યું કે તમારે કુંવરની કશી ફીકર કરવી નહી, કુંવર મારા જીવ સાથેછે. પછી દામાવંતીએ કુંવરને કહ્યું કે બાપ્ર આપણા વજીર તેડવા આવ્યાછે, તેમની સાથે દરબારમાં જવા સારૂ સારા શણુગાર પેહેરો, અને ત્યાં જઈ એવી હુંસીઆરી બતાવજો કે જેથી મારી કુખને એબ ન લાગે. તે સાંભળી ગજરામારૂએ બહુ અમુલ્ય વસ્ત્ર અને હીરામોતીનાં ઘરેણાં પેહેરી કમ્મરમાં કટાર અને તલવાર લટકાવી દીધાં છે, તેના શરીરની અંદર ખુશબો મશમશી રહી છે. એવી રીતના ઠાઠમાઠથી માતાને પગે લાગી વજીરની સાથે દરબારમાં જાય છે. માર્ગમાં વજીરને પુછ્યું કે રસ્તો એકજ છે કે બીજો કાંઇ આડોઅવળો છે? કુંવર કહે હું રાજાને નમવાનો નથી, માટે જો સામો આવું તો મારે નમવું પડે આ વાત સાંભળી પ્રધાન ગભરાયો કે આ મારી સાથે આવું બોલે છે તો રાજાને શું કહેશે? પણ ખેર જે થયું તે થયું. એવું વારી રાજાની બેઠક પાછળ બારી હતી તે ઉઘડાવી પ્રધાન અંદર ગયા. પછી મારૂ વિચાર કરે છે કે જો પહેલું માથું ઘાલીશું તો નમ્યા કહેવાઇશું તે કારણથી પહેલા પગ ઘાલી અંદર જવું. એ રીતે ગજરામારૂ દરબારમાં આવી રાજાની જોડે ઉભો રહ્યો પ્રુસસગ વજીર પણ રાજાની પાસે બેઠા કુંવરને જોતાંજ સભા ઝાંખી થઇ ગઇ. અંધારી રાતે તારામંડળમાં ચંદ્ર પ્રકાશી રહે તે પ્રમાણે કુંવરનું તેજ દેતાંજ પ્રધાન પુછેછે કે આ કુંવર કોનો છે, ત્યારે પ્રધાને કહ્યું કે મહારાજ આ કુંવર જેના છે તેનો એ પણ છે. રાજા કહે મારે છ રાણીઓના છ કુંવર છે તો આ કુંવર કોનો છે પ્રધાને કહ્યું કે એ આપની અણમાનીતી રાણીનો. રાજા કહે હું તેના મેહેલમાં જતો નથી તો કુંવર પેદા કેમ થયો? પ્રધાને કહ્યું કે મહાદેવની આપેલી સાત કેરીઓ તમે છ માનીતી રાણીઓને આપી તે-

ઓએ ખાઇને ગોટલાં છોતરાં નાખી દીધાં તે અણુમાનીતીના હાથમાં આવ્યાં જે ખાવાથી આ કુંવર પેદા થયો. રાજા કહે મારો કુંવર હોય તો સામો આવી સલામ કરે, ગજરો મારૂ કહે હું સાત જણ શીવાય બીજા કોઇને સલામ કરતો નથી. રાજા કહે મારાથી ચઢીઆતા બીજા કોણ છે.

દુહા—પેહેલી સલામ મારી માતનેરે, જેણે નવમાસ રાખ્યો પેટરે, જેણે૦ હેઠો કરીને ઉછેરીઓરે, મારી ઘણીએક કીધી વેઠરે, મારી૦ બીજીરે સલામ જગ-શર મહાદેવનેરે, જેનું પેટમાં ગરભજ દીધરે, જેણે૦ જઠરાગ્નીથી મુને બાળવીરે, મારી ઘણીએક રક્ષા કીધરે, મારી૦ ત્રીજી સલામ મારા પ્રભુનેરે જેણે આપ્યા અહાર અનાજરે. જેણે જીવતાંલગી રસ આપશેરે, એનો મુવે ઉતારે ભવ પારરે. એ. ચોથીરે સલામ મારા રેવતનેરે, એતો રણમાં રમાડી લાવે ઘેરરે એતો૦ નામ હેઠાં પડે પરગામમાંરે એની કોઇ ન જાણે પેરરે એ૦ પાંચમી સલામ મારા ખાંડાનેરે, એતો રણમાં કરે મીઠા ઘાવરે; એ૦ દુસ્મન દુર રહે દેખીનેરે, એતો મારૂં બુડતું તારે નાવરે, એતો૦ છઠી સલામ મારી ઢાલનેરે, એતો રણમાં દૈયા ફેરી ઓથરે; એતો૦ દુસ્મન જોઈ ઝડપ ઉડતારે, મારી પડતાં બચાવે લોથરે. મારી૦ સાતમી સલામ ધરતી માતનેરે. એતો મુવા જીવતાનો વિશરામરે, એતો પ્રાણી માત્ર સહુ પેટ ભરેરે, કંઇ જીવતાનું જીવનઠામરે કોઈ.

કુંવરનાં આવાં વચન સાંભળી રાજાને બહુ ક્રોધ ચઢયો અને તેનું મસ્તક છેદી નાંખવા હુકમ કીધો એટલે વજીરે કહ્યું કે મહારાજ હું રાણી પાસેથી માગી લાવ્યોછું તેવો પાછો પહોંચાડવાનો કરાર છે, માટે ત્યાં પહોંચાડયા પછી ગમે તેમ કરજો. એમ કહી કુંવરને દરબારમાંથી લઈ નીકળ્યા, રસ્તામાં આવતાં એક એંશી વર્ષની ડોશી આવતી દીઠી એટલે કુંવર પ્રધાનને કહેછે કે આ ડોશીને અહી બોલાવો એને એંશી વર્ષ થયાં છે માટે સો-સવાસો વરસની વાત જાણતી હશે પ્રધાને વિચાર્યું કે કુંવર મહા ચતુર છે, માટે રાજાની પાછળ આ કુંવરને ગાદી મળશે, માટે તેની ચાકરી ફોગટ જશે નહી એવું ધારી ડો-શીને કુંવર પાસે બોલાવી કહ્યું કે ડોશીમા તમને કેટલાં વરસ થયાં છે, ડોશી કહે આશરે એંશી વરસ થયાં હશે. ત્યારે કુંવરે કહ્યું કે તમને સો-સવાસો વર્ષની વાત યાદ હશે, ડોશીએ કહ્યું અવસ્થા થઇછે, તેથી થોડું યાદ હશે, કું૦

પુછ્યું કે આ ગામમાં પ્રથમ રાજ કોનું હતું ડોશી બોલીકે ભાઇ પ્રથમ તે વિરાજી ઠાકોરનું રાજ હતું, ને આજે તો આ જામરાજા રાજ કરેછે, કુંવરે પુછ્યું વિરાજી ઠાકોરના કુળમાં હાલ કોઇ જીવે છે કે નહી? ડોશી કહે બધાં મરી પરવાર્યાં છે પણ એક છોકરો આશરે વરસ સોળેકની ઉમ્મરનો છે ત્યારે કુંવરે કહ્યું કે એ છોકરાને તેડી લાવંતો ઠીક, એમ કહી ડોશીને દશ મોહોરો આપી, ડોશી દશ મોહોરો દેખી ખુશી થઇ, અને લાકડીને ટેકે ચાલતી હતી તે બેમે મુકી તાકીદથી પેલા છોકરાને કુંવરે પુછ્યું કે ભાઇ આ શહેરમાં પ્રથમ કોનું રાજ હતું. છોકરે કહ્યું કે ઘણાં વર્ષ ઉપર તો મારા ઘરડા રાજ કરતા હતા, પણ તેઓનું જોર ઘટવાથી હાલ આ રાજા રાજ કરે છે. કુંવરે કહ્યું કે કાંઇ જાગીર તારા કબજામાં છે, છોકરો કહે રોટલા ખાઉ તેટલાં ગામ ખેતર છે. અને ગામને પાદરે હજાર વીઘાં ભોંય છે ત્યાં હાલ લોકો ઝાડે ફરે છે, પણ રાજા મારી ફરીયાદ સાંભળતા નથી કુંવરે કહ્યું કે તું એ જમીન મને વેચાતી આપશે? છોકરો કહે વીઘે એક રૂપિઓ લઇને આપીશ પછી કુંવરે બજાર- માંથી રૂપિયા સેલુ મંદિલ સોનાના કડાનો સરપાવ આપી દસ્તાવેજ લખાવી લેઇ કુંવર વજીરની સાથે પોતાને ઘેર આવ્યો, રાણી કુંવરને જોઇ બહુ ખુશી થયાં પછી કુંવરે વજીરને કહ્યું કે કાલ સવારે વહેલા આવજો પેલી જમીન ઉપર મે હેલ બાંધવા માટે કોઇ હુંશીયાર કડીયા, સુતારને બોલાવી જે સામન જોઇએ તેની યાદ કરાવો, વજીર સારૂ કહી પોતાને ઘેર ગયા, રાણીએ પુછ્યું કે કઇ જમીન ઉપર મેહેલ બંધાવો છો, કુંવરે કહ્યું આજે આપણે એક હજાર વીઘાં જમીન લીધીછે, તેમાં મેહેલ બંધાવવોછે બીજે દહાડે ફુલસંગ વજીરે પોતાના ખાનગી માણસને કહ્યું કે એક મહેલ બાંધવા સારૂ કોઇ ન જાણે તેમ સામાન મંગાવી તાકીદથી કામ ચલાવજો કોઇને કેહેશો નહી કે આ મહેલ ફલાણાનોછે એવી શીખામણ દઇને હુંશીયાર કડીયા સુતારને મારૂજીએ કહ્યું કે રાજાના મહેલ [illegible]રતાં ઘણો શોભીતો મહેલ કરવો છે માટે તે જમીન સાફ કરાવી ચણવાનું કામ ચાલતુ કરો. કુંવરનો હુકમ થતાંજ ફુલસંગ વજીરના માણસોએ સામાન [illegible]ંગાવી ઝપાટાબંધ કામ ચલાવ્યું ફુલસંગ વજીર રાજા ન જાણે તેવી રીતે [illegible]ગમારૂનો કારભાર કરવા લાગ્યા, થોડા રોજમાં મેહેલ તૈયાર થયો, તે આ

તિશે શોભીતો અને છટાદાર થયો. દીવાનખાનાં, રંગમહેલ અને જનાનખાનું બહુ શોભી રહ્યું છે હવા ખાવાને વાસ્તે અગાશિયો અને તેની અંદર સુગંધી આપનારાં ફુલનાં ઝાડ ગોઠવી મુકયાં હતાં. કચેરીને સારૂ દિવાનખાનાં ગાલી- ચાથી મઢી લીધાં હતાં, અને જગે જગે તરેહ તરેહવાર આરસની બેઠકો કરી લીધી હતી, ત્યાં ફુવારા છુટી રહેવાથી સ્વર્ગના જેવી શોભા તે મેહેલની થઇ હતી. ગજરામારૂ પોતાના સોબતી છોકરાંઓને ભેગા કરી એક રાજાની માફક ઠાઠદાર કચેરી ભરવા લાગ્યો, અને કસુંબાની લાલચે મોટા મોટા માણસોની ઠઠ મારૂને ત્યાં ભરવા લાગી. ગજરો અફીણ ખવરાવે અને દુધસાકર પાય તેથી આખો દિવસ ત્યાંને ત્યાં પડી રહેતા હતા. અને રાજા જામના રાવણામાં આવનાર રજ- પુતો મારૂના રાવણામાં જતા હતા, એથી જામે પોતાના પ્રધાનને પુછ્યું કે આપણી કચેરીના રાવણામાં માણસો ઓછા આવેછે અને પેલા બંધાણી રજપુતો કેમ જણાતા નથી. પ્રધાને કહ્યું કે મહારાજ તેઓ કંઈ કામમાં રોકાયા હશે, અને કોઇ મરી ગયા હશે એમ કહી રાજાને સમજાવ્યો અને મારૂના ત્યાંનો મરમ આપ્યો નહીં, પણ એક દિવસ પરગામથી બંધાણી ભાટ ગામમાં આવ્યો તેણે એક આદમીને પુછ્યું, કે રાજા રાવણું કરે છે કે નહી? પેલા આદમીએ તેને ધારીને કહ્યું કે રસ્તામાં એક મોટો મેહેલ આવેછે ત્યાં અણુમાનીતી રા- ણીનો કુંવર છે તેમને ત્યાં હમેશ રાવણું થાય છે તે સાંભળી ભાટ મારૂના મહેલ તરફ આવ્યો, ભાટને આવ્યો જોઇને ગજરામારૂએ પોતાના એક માણસ પાસે રેઢીયાકસુંબાનું તાંસળું ભરાવ્યું અને બીજાના હાથમાં દુધ સાકર આપી તેઓ મહેલ નીચે જઇ ઉભા રહ્યા અને બંધાણીને આવતાં વાંત તરતજ કસુંબો અને દુધ સાકર પાઇ, એટલે મારૂના હુકમ પ્રમાણે ત્રીજા માણસે આવી ભાટને જોતા હતા, તેમને સલામ કરી ભાટ ગજરામારૂના જશ ગાતો રાજાની કચેરીને રસ્તે થઈ પોતાને મારગે ગયો.

દુહો—ખાંડીએ મેંદીએ લુલે લંગડેરે કાંઈ લજવી માર્યું બધું ગામરે, કાંબ૦ ધનરે અણુમાનીતીની કુખનેરે, તારૂં નવખંડ રેહેશે નામરે, તારૂં૦

ગજરામારૂની કીરતી સાંભળી રાજાને બહુ ક્રોધ ચઢયો તેથી તેણે ગજરા-

મારૂને દેશાવર કાડવાનો હુકમ કર્યો, અને જો ન જાય તો તેને બાંધીને રાજા પાસે લાવવા કહ્યું. રાજાના દરબારના તમામ માણસો સાંભળી રહ્યા. પણ મારૂની આગળ કહેવા જવાના કોઇની હીમત ચાલી નહિ, છેવટ બે ચાર સીપાઇઓ તઇયાર થયા, અને તે આ ગજરામારૂને ત્યાં રાજાનો હુકમ કહેવા સારૂ ગયા. રસ્તામાં જતાં મીયાં ભાઇના મનમાં આવ્યું, કે ગજરામારૂ બહુ ફાંકડો છે તેથી રાજાની પાછળ મુકરર તેજ ગાદી ઉપર બેસે અને આપણે તેના હાથ નીચે ચાકરી કરવી પડશે, માટે મારૂને દુઃખ લાગે તેવું બોલવું નહી. એવો વિચાર કરી મારૂના મેહેલ પાસે આવ્યા, ત્યાંનો દેખાવ જોતાંજ સીપાઇઓ ઝાંખા પડી ગયા, તેઓ એક બીજાને આગળ કરવા લાગ્યા. પણ જવાની અને મોઢે બોલવાની કોઇની હીમત ચાલી નહીં. છેવટે એક ઘરડો બુઢો ડોસો આગળ થયો અને મારૂની કચેરીમાં ગયો. જ્યાં બંધાણી રજપુતોની કચેરીના ઠઠ ભરાઇ છે. વાતો ઝપાટા અફીણના સપાટા અને ઉપર શેરડી સાકરના ઝપાટા ચાલી રહ્યા છે. બીજા તરેહ તરેહના મેવા અને સોપારીઓના ઢગ પડ્યાછે જે જેને પસંદ પડે તે ખાય છે અને મારૂની વાહવાહ થઇ રહી છે. એ બંધાણી વચે રૂનું ગાદી ઉપર શોભિતું સિંહાસન નાંખીને મારૂ તે ઉપર બેઠા છે અને આજુ બાજુએ મસ્કરો ખુબ મશ્કરી કરી મારૂને રાજી કરે છે. એટલામાં પેલો ઘરડો સીપાઇ આવીને કહે છે કે મહારાજ આપના પીતાએ તમને દેશપાર કરવા સારૂ હુકમ કર્યો છે, ને તમને રાજા પાસે લઇ જવાને અમને હુકમ થયો છે. મારૂએ કહ્યું જાઓ તમારા રાજાને કહો હું તમારા રાજમાં વસતો નથી માટે તમારો હુકમ માનતો નથી. પણ કરમમાં લખ્યું છે તેથી હું મારી મેળે બાર વરસનો થઇશ ત્યારે વનમાં જઇશ, પણ જો તમારે લડવાનું જોર હોયતો લડવાને તઇયાર છું. સીપાઇ સલામ કરી રાજા પાસે આવ્યો, અને કુંવરની કહેલી સાંભળી રાજા ફીકરમાં પડયો અને પ્રધાનને પુછ્યું કે આ કુંવર શું કહેછે પ્રધાન કહે મહારાજ તે ખરૂં કહે છે, કેમકે તેતો અસલ રજવાડાની જમીન વેચાથી લેઇ ત્યાં મેહેલ બાંધી રહ્યો છે માટે તેના ઉપર તમારી સત્તા નથી વળી મોસાળનું જોર ભારેછે. એટલે લડતાં પણ પોહોચી શકાશે નહી. તે સાંભળી રાજા છાના રહ્યા મનમાં વીચાર્યું કે મારો પ્રધાન પણ

તેની તરફ છે તો પછી લડીને શું કરવું. એમ ધારી રાજા છાનો રહ્યો ગજરામારૂ મેહેલમાં ચમન કરે છે અને પોતાને પ્રદેશ જવાનો કેટલો વિલંબ છે તે જન્મોતરી જુવે છે એમ કરતાં કુંવર અગીયાર વરસનો થયો એટલે રાણી દામાવંતીના પેટમાં ફાળ પડી કે હવે વરસ દહાડા પછી કુંવર પરદેશ જશે માટે અગાઉથી પરણાવી ફાંદામાં નાંખું તો કાંઇ કરતાં સંસારના છંદમાં પડીને પરદેશ જવું છોડી દે અથવા જાયતો જલદી પાછો ઘેર આવે, કુંવારો હશે તો તેનો પાછું ઘેર આવવાનું મન થશે નહી એમ ધારી દામાવંતીએ બ્રાહ્મણને બોલાવ્યો.

દુહો--બ્રાહ્મણ વીરા તુંને વીનવું રે; તું તો જાય જો ગામો ગામ રે, તું તો॰ કુંવર જેવી કન્યા લાવજે રે, મારૂં એટલું કરજે કામ રે; મારૂ॰ રૂપે ગુણે કાંઇ શોભત રે તેનાં ન હોય ખાંપણ ખોડ રે. તે॰ તેથી મારૂ રે મારો મોહી રહેશે, તેની મેળવ જુગતે જોડ રે; તે॰ ગુણ નહિ ભુલું હું તો તારો રે; તને રાખીશ મારી પાસ રે; તને॰ ધન આપું જોઇએ તેટલું રે, તારી પુરીશ હું તો આશ રે; તારી॰

જોશી મહરાજ કુંવરને વાસ્તે એક રૂપ ગુણનો ભંડાર કન્યા શોધી લાવો કે જેનાપર મોહીને કુંવરને કદી પરદેશ જાય નહી. એ કામ થવાથી હું તમને ખુશી કરીશ બ્રાહ્મણે કહ્યું કે હાલ તરત મને સો રૂપીઆ વાટ ખરચ માટે આપો, રાણી સો રૂપીઆ આપ્યા તે લઇને બ્રાહ્મણ રસ્તે પડયો હવે કમળાવતી નગરીમાં ગુલાબસંગ રાજાને ઘેર એક કુંવરી ગજરામારૂને લાયક છે અને તે કુંવરીને કાને ગજરામારૂની વાત આવેલી છે તેથી ગજરામારૂ સીવાય બીજા સાથે નહી પરણવાનો નિશ્ચય કીધો છે, અને તે ગજરામારૂની ઝંખના કરતી ઝરૂખે બેઠી છે. હવે પેલો બ્રાહ્મણ ભટકતો ભટકતો તે નગરીમાં ગયો, અને રાજાના મેહેલ નીચે થઇને જાય છે ત્યાં કુંવરી સામું જોઈ ઉભો રહ્યો. પેલી કુંવરીની નજર બ્રાહ્મણ ઉપર ગઈ, એટલે તેના મનમાં આ મુસાફરને મારી સાથે કાંઈ કામ હોય એમ જણાય છે, તેથી તેને ઈસારત કરી પોતાના મેહેલ પાસે બોલાવ્યો, અને કહ્યું કે મહારાજ તમે અમારા નગરમાં શા માટે આવ્યા છો તે ખરેખરૂં ન કહો તો તમારે માથે સ્ત્રી હત્યાનું પાપ છે.

દુહો-સાચું કહેતાં રાણી સત ચડે રે, તમને મોહરૂપી વાગશે બાણ રે; તમને॰ ગઢમાંડવથી હું તો આવીયો રે; કાંઇ કન્યા જોવાને કાજ રે, કાંઇ॰ કોઇ એવે

જનેતાએ જનમીયોરે, કોઇએ નથી સાંભળ્યો કાનરે; કોઇ૦ નામ સાંભળતાં નારી હળેરે, તેને મોહનાં બાણુરે તેને૦

બ્રાહ્મણે કહ્યું કે હું માંડવગઢના જામરાજાના કુંવરને માટે કન્યા શોધવા અહીં આવ્યો છું કુંવરનું નામ હકિતો તેના ગુણ અને રૂપનું મોહબાણ વાગીને તમે મુછાગત થશો. એવો પુરૂષ કોઇએ કાને સાંભળ્યો નહી હોય, તે સાંભળતાંજ કુંવરીને પોતાના હૈયાંનો હાર ગજરામારૂ યાદ આવ્યો. ને બ્રાહ્મણ જેની તારીફ કરે છે. તે પોતાને પ્યારો ગજરામારૂ હશે એમ ધારી તેનુ નામ જાણવા સારૂ બ્રાહ્મણને ફરી કહ્યું કે–

દુહો—કોઇ જનેતાએ કુંવર જનમીયોરે, એવો ક્યા રાજાનો કુમારરે, એવો. સાચું બોલ વીર સતવંતારે, તને આપું એકાવન હારરે; તને૦ વચન સુણીને વિહ્વળ થઇરે, મારૂં મનડું તો ન રહે ધીરરે. મારૂં૦ વરમાળા ધાલ કુંનો કિતસુરે કરી આપું નણંદ કેરો વીરરે, કરી૦ મહારાજ તમારે મોઢે વખાણ સાંભળીને મને ધીરજ રહેતી. નથી. હું તેને વરમાળા આપી મારે મોઢે વખાણ સાંભળીને મને ધીરજ રહેતી. નથી. હું તેને વરમાળા આપી મારે માનીનો કરી લેવા આતુર થઇ રહી છું માટે જેનાં વખાણ કર્યા તેનું નામ કહો તે વારે બ્રાહ્મણ કહેછે, માંડવગઢના જામરાજાની અણુમાનીતીનો કુંવર ગજરામારૂની સગાઇ કરવા સારૂ હું આવ્યોછું, જેણે તપ બહુ કર્યા હશે અને જેનાં ભાગ્યનો ઉદય હશે તેજ ગજરામારૂ પામશે. કુંવરીએ પોતાના મનમાં ધારી રાખેલા ગજરામારૂની ખબર સાંભળી બહુ હરખ થયો. અને પેલા વેવીશાળીયા બ્રાહ્મણને પોતાના પિતા પાસે મોકલ્યો, બ્રાહ્મણે દરબારમાં જઇ વિવાહની વાત કહી એટલે રાજા રાણીઓને પુછવા જનાનખાનામાં ગયા, અને કુંવરીને પણ ત્યાં બોલાવી પુછી જોયું. કુંવરીએ કહ્યું પીતાજી વર જોઇ વિવાહ કરજો રાજા કહે બેટા વરતો સારો છે, પણ અણુમાનીતીનો કુંવર છે એટલે રાજાના મનથી ઉતરેલો છે, પણ તેના મામા ઘણા જબરાછે. રાણીઓએ વિવાહ કરવા હા કહી. એટલે રાજાએ દરબારમાં આવી પોતાની કુંવરી ચંપાદેનો વિવાહ ગજરામારૂ સાથે કર્યો બ્રાહ્મણ વધાઇ લઇને દામાવંતી રાણી પાસે આવ્યો, અને સઘળી વાત કહી. તે સાંભળીને રાણી ખુશી થયાં અને બ્રાહ્મણને બહુ ધન આપી ખુશી કર્યો. હવે જામ રાજા બહુ ફીકરમાં રહેછે. એક દહાડો ક્રોધ આવ્યાથી પોતાની દાશીને

કહ્યું કે તું સવારના પહોરમાં કાળો પોશાક અને કાળો ઘોડો ગજરામારૂના મેહેલ આગળ મુકીને આવતી રહેજે જો તે ટેકવાળો હશે તો એક ઘડી ગામમાં ઉભો નહી રહે. દાશીએ રાજાના હુકમ પ્રમાણે કર્યું. સવારના પહોરમાં સૂતા ઉઠીને મારૂ ઝરૂખે આવ્યો તેવોજ પેલો ચઢવાનો ઘોડો અને પોશાક તેની નજરે પડ્યાં તે જોઇને વિચાર્યું કે રાજાનું જોર ન ચાલ્યું ત્યારે આજ મને ગરીબાઇથી દેશવટો દીધો માટે જો હું ન જાઉં તો મારી જનેતાની કુખને એબ લાગે. માટે મારા બાપનો હુકમ માની પરદેશ નીકળવું જોઇએ. એમ ધારી પોતે દાતણપાણી કરી જન્મોતરીમાં જુવેછે તો તેજ દીવસે વનવાસ જવાનું ટાંકણું આવી રહ્યું છે તેથી તરત પોતાના રેવંતને તૈયાર કરી કાળા વસ્ત્ર પહેરી પોતાની મા પાસે રજા લેવા આવ્યો, કુંવરને આવતો જોઈ રાણીના પેટમાં ફાળ પડી અને આંખમાં આંસુ લાવી કુંવરને કહ્યું કે,—

દુહો—કોનાં ફોડ્યાંને કોનાં ઢોળીઆંરે કુંવર કોનો કર્યો ભંજવાડરે; કું૦ કાળે ઘોડેને કાળે લુગડેરે, જોઇ લાજી મરે રજવાડરે, જોઇ૦ ભાઇ તે કોનું બગાડ્યું છે કે તેણે તને મનભંગ કર્યો તે મને કહો મારાભાઇ ઘણા જબરા છે તેઓને લાંછન લાગશે; ને સાલાસુલાની બેનના છોકરાની વાંસે કોઇ ચડનાર નથી એમ ગણાશે વાસ્તે જેણે તને દુભાવ્યો હોય તેનું નામ દે એટલે હું તેનું જડ-મુળ કઢાવી નાખીશ કુંવરે વિચાર્યું કે જો હું રાજાનું નામ દઇશ તો મારા મામા પાસે રાજાને હેરાન કરાવશે. માટે મારા કરમનો વાંક કાઢું જેથી કોઇને દુઃખ ન થાય એમ ધારી કુંવરે કહ્યું કે, મેં કોઇનો બગાડ કર્યો નથી, પણ મારા કરમે મને આ ઘોડી ને પોશાક મળ્યોછે. મારી જનમોતરીમાં બારમે વરસ પ-રદેશ જવાનું લખ્યુંછે. માતાજી વિધાતના લેખ મીથ્યા થવાના નથી, માટે જ લદી મને રજા આપો. કુંવરના વચન સાંભળી રાણીની આંખમાં ચોધારે આંસુ-ચાલ્યાં જાયછે અને કાયા કંપી રહેછે. **દુહો**—તમે ચાલ્યા મારૂ ચાકરીરે, અમે કેનો દોછો આધારરે; અમનેo દુઃખની વાતો કોને કીજીએરે મારી કોણુજ રશે સહાયરે; મારી૦ રાણી કહેકે કુંવર તમે મને કોને આધારે મુકીને જાઓછો. **દુહો**—તમને સોંપી સમરથ સાસરીરે, તમને સોંપી મઇયરે ટરે, તમને, અહીંયાં રહો તમે સુખથીરે, પત ગયે મટે ઉચાટરે.

અહીઆં સરવે વાતે સુખછે, અને પીયરમાં મારા મામા સમરથછે. માટે તમને દુઃખ પડે તેમ નથી. દુહો—સાસરીઆમાં મારૂ મારે રૂશણાંરે, મારા પિયરમાં ભોજાઇલાંઠરે, મારા૦ રતન સમો કુંવર જાયછેરે; મારા જીવતરમાં ઉઠી વાટરે મારા૦ ભાઇ તને ખબર છે કે તારા પીતાનું હેત મારા ઉપર કેટલુછે કે તે સુખે હું તારૂં દુઃખ વિસારીને આંહી રહું, વારૂ તને તો જવા નહી દેઉ એમ કહી રાણી રૂવેછે કુંવરે જવાની હઠ કરી એટલે રાણીએ વિચાર્યું કે હવે તે રાખ્યો રહેવાનો નથી, પણ જો આજની રાત રાખીને રાતની રાતમાં મારા ભાઇને તેડાવું ને કુંવરને કન્યા પરણાવું તો કદાચ મોહમાં લપટાઇ રહે એવું ધારી મારૂને કહ્યું કેઃ—

દુહો—આજનો વાસો રહો મોહલમારે, તમને વહાણામાં દઇશું શીખરે. તમ૦ નારે કહુ જો તમે નીસરોરે કંઇ ગોળી પીઉ હુંતો વીખરે; કાંઇ૦ તારે જવુ હોયતો જજે હું ખુશીથી જવા દઇશ મારૂ કહેવું નહી માને તો હું ઝેર ખાઇને મરીશ. એ રીતે માતાનો આગ્રહ જોઇ પોતે એક દિવસ રહેવાની હા કહી સાંજ પડતાં રાણીએ કુંવરને પરણાવવાની તરખડ કરવા માંડી. રાણીએ વીચાર કર્યો કે રાતની રાતમાં કામ લેવું છે. તેથી માણસના પગથી કે ઘોડાથી તો નહીજ બની શકે, માટે હજાર ગાઉ ચાલી શકે તેવી સાંઢ હશે તોજ કામ થશે એમ ધારી રાણી રબારીવાડામાં આવીને રૂડીઆ રબારીને બોલાવેછે.

દુહો—રૂડીઆ રબારી વીરા વીનવુંને હુંતો તુજથી નાનેરી લાગુ બેહેનરે; હું૦ કામ પડયુ વીરા એટલુંને માટે આવીછું માજમ રેનરે, માટે ઝટપટ તુંતો જાગજેરે, કાંઇ લાવી મારાપર મેહેરરે કાં૦ મોહોના માગ્યા મૂલ આપીએરે, તું જાય અમનગર સેહેરરે તું કુંવર વિદેશ મારો જાયછેરે, કાંઇ જોબન બાળે વેશરે કા૦ સાલાસુલાને જઇને એમ કહેજોરે તારો ભાણેજ જાય પરદેશરે, તારો રૂડીઓ રબારી સવામણ ફૂલની શેજમાં ભર ઉંઘમાં સુતો છે નેએની ? પગ દાબે છે એવામાં રાણીના અવાજ રબારણને કાને પડયો તેથી રાણીને કહ્યું.

દુહો—ટહાડી રાતેગે તુંતો ટળવળેરે. કાંઈ સોર તારો બંધ રાખરે; કાંઇ૦ ગયા છે એમને સાસરેરે, એમની ડાબેરી દુખે છે આંખરે એમની૦ મી તો ઘેર નથી; સાસરે ગયા છે ને તેમની આંખો દુખવા આવી રાણીએ વિચાર્યું કે સાસરે ગયા હોય તો આંખો દુખે છે એવી

ખબર અહીં શી પડે માટે તે જુઠું બોલે છે અને મુકરર રબારી ઘરમાં છે પણ ઉંઘમાંથી ઉઠાડવો પડે, પણ જો એને કાંઇક લાલચે આપું તો તે જરૂર ઉઠાડશે એમ ધારી તેને રાણીએ કહ્યું કે **દુહો**—રબારીને આપું મારા મોળીયુંરે, તને આપુ નવસર હારરે; તેને૦ ઝટપટ જગાડ તુતો તેહનેરે, કાંઇ કામ પડયુ દરબારરે કાંઇ હે બાઇ તુ એને જલદી જગાડ દરબારમાં કામ પડયું છે. તેથી આટલી રાતે આવીછું દરબારનું નામ સાંભળી રબારણે પોતાના ધણીને જગાડયો અને કહ્યું કે આટલી રાતે સરકારનું તેડું કેમ આવ્યુંછે એમ કહી રબારી બેઠો થયો, એટલે રાજાની રાણી દામાવંતીને દીઠી રબારીએ કહ્યું કે આટલી રાતે તમે એકલાં મારે ઘેર કેમ પલાં કર્યાં? રાણી કહે ભાઇ તારૂ કામ પડયું છે. ગજરેમારૂ દેશવટે જાય છે માટે તુ અમનગર જઇ મારા ભાઇને રાતની રાતમાં તેડવા સારૂ જોરાવર સાંઢ હોય તે લેઇને જા. તે સાંભળી રબારીએ કહ્યું કે તે—

દુહો—ત્રણસેંને સાઠ સાંઢણીરે, તેમાં ગંગાજમનાની જોડરે તેમાં મનવેગે ચાલતીરે, તેમાં નમળે ખાંપણ કે ખોડરે; તેમાં અખંડ જોતો ઘીની ઝળહળેરે તેને ધુપ અગર બહુ થાયરે તેમાં૦ ચારો ચરે નાગર વેલનોરે; તેતો પલકે જોજન જાયરે; તેતો૦ ધારી ખેપે હુંતો પરવરૂરે તમે મનમાં રાખજો ધીરરે તમે૦ અમ નગર પોચું પલકમાંરે તેડી લાવું તમારો વીરરે, તેવી મારા ઘેર ત્રણસેંને સાઠ સાંઢો છે તેના મોં આગળ ધુપ દીપ અને અખંડ જોતો બળે છે તમ ફીકર કરવી નહી. હમણાં તેડીને પાછો આવુંછુ એવું સાંભળીને રાણી ખુશી થયાં અને કહ્યું કેઃ—**દુહો**—રસ્તે જાજોરે જોઈ જાળવીરે, ભુંડા અંધારી રાતનું કામરે, ભુંડા વાલેરી હતો વીરા પાધરારે, તેનો ધાલી જવાની હામરે, તેતો૦ ગુણ નહીં ભુલુ હુંતો તાહારોરે કાંઈ ગુણ ઓશીંગણ થાઉરે, કાંઇ કડાં કંઠીને સેલા પાઘડીરે સવાલાખ સાનૈયા દેઉરે, સવ૦ ભાઇ અંધારી રાતે જોઇને જજો તમારો ગુણ નહીં ભુલું સવા લાખ સોનાની મોહોરો આપીશ. એમ કહી રાણી પોતાને હેલમાં આવ્યાં. અને રબારી શણગાર સજીને પોતે સાંઢપર સ્વાર થયો જેમ ગોફણમાંથી ગોળો છુટે છે. તેમ સાંઢે ચાલવા માંડયું જતાં જતાં નગર પાસે આવ્યું એટલામાં સમસમાટ કરતી રાત ચાલી જાય તે

પુછયું કે માસી કયાં જાઓછો ? ત્યારે રાત કહે હુંતો વહાણું વાવા જાઉછું રૂડિએ વિચાર્યું કે જો રાતને કબજે કરૂં તો વહાણું વાવાનીફીકર મટી જાય એવું ધારી ચાબકો ભોંય નાંખી દીધો, અને રાતને કહ્યું કે માસી મારો ચાબકો આપો, રાત કહે મને તો વાર થાય છે તેથી તું તારી મેળે લે. રબારીએ કહ્યું સાંઢને બેસાડીએ ત્યારે મારાથી નીચે ઉતરાશે, અને તમે તો ઉંચો હાથ કરી આપી શકશો, પછી રાત ચાબકો લેઈ ઊંચો હાથ કરી આપે છે એટલે રૂડિએ રાતનું કાંડું ઝાલી સાંઢ ઉપર ખેંચી લીધી અને પોતાની ગાંડ તળે ઘાલી ઉપર ચડી બેઠો. વહાણું વાવાની ફીકર મટી ગઈ. આ રૂડિઓ અમનગર આવી પહોંચ્યો અને દરવાજા બંધ દીઠા એટલે દરવાનને કહ્યું કે.

દુહો—દરવાન વિરા તને વિનવુંરે, મારે જાવુંછે રાજાની પાસરે, મારે૦ ઝટ પટ મને શેહેરમાં ઘાલનેરે, પછી દરવાજો તારો વાસરે, પછી૦ દરવાજો ઉઘાડ મારે રાજાનું કામ છે,

દુહો બંધ દરવાજો નવ ઉઘડેરે, કાંઇ કુંચીઓ પડી દરબારરેઃ કાંઇ૦ રાત રહો શેર બારણેરે, સુતા ઉઠી આવો સવારરે; સુતા૦

દરવાને કહ્યું કે વાહાણું વાતાં આવશો તો દરવાજો ઉઘડશે, હમણાં ઉઘાડવા હુકમ નથી, અને કુંચીઓ દરબારમાં જાયછે. રબારી વિચાર કરે છે કે આપણે તો રાતની રાતમાં જવું છે માટે આપણું કામ શી રીતે પાર પડશે એમ ધારી દરવાને કહ્યું કે,

દુહો—લળી લળી લાગું તાહરા પાવલેરે જઇ દરબારને જગાડરે, જઇ૦ વેલો લાવ તુંતો કુંચીઓરે, કાંઇ દરવાજો ઉઘાડરે; કાંઇ૦ ભાઇ દરવાન હું પગે લાગુંછું તું દરબારને જઇ જગાડ અને કુંચીઓ લાવી દરવાજો ઉઘાડ દરવાને કહ્યું કે કદી રાજા ગામ બહાર રહ્યા હોય તો પણ રાતે દરવાજો નહી ઉઘડે, આવો જવાબ સાંભળી રબારી ફીકરમાં પડયો અને સાંઢ ઉપર નીસાસો મુકીને કહ્યું કેઃ—

દુહો—ધટરે ગોજારી સાંઢ પાપણીરે, મેતો તારાકર્યો વિસવાસરે; મેતો૦ [1] સૌ ખાલી ગઇરે. કામ મળવાની નથી આશરેઃ કામ૦

[2] તારો વિશ્વાસ કરવામાં હું નીરાશ થયો, હવે રાતની રાતમાં જવા

શે નહી જો કોટ એકલો હોતતો તને ઠેકાવત, પણ પાછળ મોટી ખાઇછે, મારો. લાગ ફાવે તેવું નથી, એમ કહી રોવા માંડયું રૂડીઆને શોકાતુર જોઇને સાંઢને વાચા થઇ, અને તે બોલી હે રૂડીયા એક ખેતરવા પાછી લઈ જઇને તું મને ઠેકાવ એના કાંગરા અને ખાઈ સુદ્ધા કુદીને હું શેહેરમાં જઈશ રૂડીઆને હીમત આવી અને સાંઢ ઠેકાવી તે સાલાસુલાની પોળે જઇ ઉભી રહી રૂડીઆએ પોળીઆને કહ્યું કેઃ—

દુહો—પોળીઆ મારા તુંતો બંધવારે, કાંઇ સાલાસુલાને જગાડરે; કાં૦ કામ મારેછે ઘણીઓપટીનુંરે, તુંતો ઝટપટ પોળ ઉઘાડરે, તુંતો પોળ ઉઘાડ અને સાલાસુલાને જગાડી કહે,

દુહો—સાલાસુલા તમને વીનવુંરે, કાંઇ લળી લળી લાગુ, પાયરે કાંઇ૦ ગઢમાંડવથી હું આવીઓરે, મુને વાર ઘણેરી થાયરે. મુ૦ માટે વેલેરા તમે ઉઠજોરે, કાંઇ તતપર થાઓ નરેશરે કા૦ દામાવતીના દીકરાને એના તાતે આપ્યો પરદેશરે, એના૦ માટે રાણીએ મને મોકલ્યોરે, કહેજો ભાણેજ જાય વિદેશરે. ક૦ અત્યારે આવીને તમે રોકજો કુવર હજુએછે બાળેવેશરે કું૦ રૂડીઆનો જવાબ સાંભળતાં સાલાસુલા જાગી ઉઠયા, ને નીચે આવીને રૂડીઆને પૂછયું કે ભાઇ શું છે? રૂડીએ કહ્યું કે ગજરામારૂને એના બાપે દેશવટો દીધો છે. માટે તે સવારમાં જવાનો છે તેથી તમને તેડવા આવ્યો છું એવું સાંભળી સાલાસુલા ઘણો દીલગીર થયો અને તૈયાર થઇ સાંઢ ઉપર બેશી રૂડિએ સાંઢ ઠેકાવી પવન વેગે મુકીને માંડવગઢ આવીને જ્યાં દામાવંતી રાણી ભાઇને જોઈ રાજી થઇ અને રૂબારીને ધન આપી ભાઇને રાણીએ કહ્યું કે ભાઇ આતો સવારમાં જવાનો ને આનો વીવાહ કમળાવતી નગરીના રાજાની કુંવરી સાથે કર્યો છે, ત્યાં રાતના રાતમાં લેઇ જઇને પરણાવી આવે તો તે કોક દીવસ પાછો ઘેર આવશે, રાણીના ભાઇએ રબારીને કહ્યું કે ભાઇ આટલું કામ કરવાની હીમત ધાલો તો ઠીક, રબારીએ કહ્યું કે મારા જીવમાં જીવ છે ત્યાં સુધી તમારો તાબેદારછું, પછી મામાએ મારૂને જગાડયો અને કહ્યું કે ભાઇ મારે તો સવારમાં પરદેશ જવું છે મામાએ કહ્યું આપણે ઘેર બધાને મળીને જજો એવુ સમજાવી સાંઢ ઉપર બેસાડી સાંઢને ઉઠાડી તે કમળાવતી નગરીમાં આવી

પહોચી મામાએ રાજા પાસે જઇને કહ્યું કે અમારા ભાણેજને એના બાપે દે શવટો દીધો છે માટે તમારી કુંવરી પરણાવી દો, કેમકે તે હાલ પરદેશ જવાનાછે, એવું સાંભળીને રાજા દીલગીર થયા, અને વીચાર કર્યોકે કોઇ ગરીબ ગરબો હોય તો પરણાવવાની ના કહીએ, પણ આતો સાલાસુલા ને જામ બહુ જબરા છે એટલે તેમને ના કેમ કહેવાય ? પછી પોતે રાણી પાસે જઇને કહ્યું કે ગજરામારૂના બાપે એને દેશવટો દીધોછે માટે પરણવા સારૂ આવ્યોછે. રાણી કહેકે એવી રીતે કન્યા કેમ દેવાય ? રાજા કહે એ આપણાથી ના ના કહેવાય કુંવરીને પુછીએ તે શું કહે છે.

દુહો—જાન આવી ગઢમાનવથીરે, કાંઇ પરણવાને હાલરે; કાં૦ પીતા એ નાએ આપ્યો દેશવટોરે, એતો પરદેશ જાશે કાલરે; એ૦ રાજકુંવર પરણી તુજનેરે, તેતો હવડાં જાશે વનવાસરે, તેતો લખ્યું હશે ત્યારે આવશેરે તમે મુકો પરણવાની આશરે; તમે૦ રાજકુવર પરણી જાણેતી, મેહલે બેઠી ચાવીશ પાનરે મે૦ તેનો રહેશે તને ઓરતોરે, કાંઇ મારૂ કહ્યું તુતો માનરે. કાં૦

રાજાએ કુંવરીએ કહ્યું કે મારૂનેતો તેના પીતાએ દેશવટો દીધો છે તેથી કાલે વનવાસ જવાનો છે અને હાલ તે પરણવા આવ્યો છે તે તું જાણીશ કે રાજકુંવરને પરણીને સુખ ભોગવીશ પણ તે વાતનો ઓરતો રહી જશે માટે પરણવાની આશા છોડી દે. તે વારે ચંપાદેએ કહ્યું.

દુહો—કરમે લખ્યું હશે માહરેરે, તે તો મીથ્યા નહી થાય મારા બાપરે; તે૦ રૂડો ભુંડોરે કાંઇ મેં વર્યોરે, મને બીજો કહેતાં બેસે પાપરે, મ૦ માટે હે પીતાજી મારા કરમમાં જે લખ્યું. હશે તે થશે, જેવો મેં એક વખત કબુલ કર્યો તેજ ખરો, હવે બીજો કહેતાં મને પાપ લાગે. આ સાંભળતાં રાજાએ લગ્નનો સામાન મંગાવ્યો અને કન્યાદાન દીધું. જ્યાં ગજરેમારૂ ચોરીમાં ફેરા ફરે છે અને ત્રણ મંગળ વરતાઇ રહ્યા એટલે મારૂને યાદ આવ્યું કે આ પંચાતમાં પડીશ તો પીતાનું વચન જશે તેથી તરવાર ખેંચી વરમાળા કાપી નાંખી તે નાઠો. એના મામાએ વાર્યો પણ માન્યું નહી એટલે ચોથું મંગળ ખાંડાથી વરત્યુ. કન્યાને પીયર મૂકીને મારૂ સાંઢ ઉપર બેશી ચાલી નીકળ્યો જતાં જતાં રસ્તામાં ભવાયા રમતા હતા તેની ભુંગળો વાગી એટલે ગામમાં જોવા ગયો,

ભવઇયા જુવે છે ત્યાં ભવઇયા કહેકે કે અમે એક એક જાતનો વેશ બે બે ત્રણ ત્રણ વાર કહાડયો પણ વહાણું વાતું નથી. માટે કોઇએ રાતને બાંધી છે કે શું? રબારીએ વિચાર કર્યો કે હું હવે વધારે વાર કરીશ તો ઘણા માણસોને નુકશાન થશે. કોઇનાં ફુલ કરમાઈ જશે અને કોઇનાં દહી ખાટાં થઇ જશે તેથી પોતે તળગારાને તોડો આપી સાંઢ હાંકી માંડવગઢ આવી પહોચ્યો. ને ત્યાં જઇ દામાવંતીને કુંવર સોંપ્યો અને સાલાસુલાને પણ અમનગર મુકી આવીને રાત છોડી દીધી કે તરત વહાણું વાયું એટલે ગજરોમારૂ નાહિ ધોઇ તઇયાર થયો, અને પોતાની માને પગે લાગી ચાલવા માંડે છે એટલે રાણીએ કહ્યું કેઃ—

દુહો—સુરજ પોળે તમે સંચરોરે, કાંઇ ગ્વો ઉગમતે સુરરે; કાંઈ૦ પરધરતીને પર કાજમાંરે કાંઇ વાધે ઘણું એક નૂરરે, કાંઇ૦

સારા સુકન થયા એટલે મારૂ રસ્તે પડયો, અને રાણી દામાવંતી રૂદન કરવા લાગી.

દુહો—સુનો સમરથ મારો ઢોલીઓરે, તારી ઘોડા સુની ઘોડાળરે તારી૦ સુની મેડી સુની માવડીરે, કાંઇ સુના મૂકયા સણગારરે. કાંઈ૦ સુના દાસને સુની દાશીઓરે, કાંઈ સુના મૂકયા ખવાસરે; કાંઇ૦ સુના બાગ સુના બંગલારે, કાંઈ સુના પડયા અસવારરે, કાંઇ૦

અરે પુત્ર તારાવગર મેહેલ બાગબગીચા ચાકર નોકર અને તારા સહુ શણગાર સુના પડયા છે એમ જોઈ રૂદન કરે છે. મારૂતો આકાશ મારગે ખેડ ખેડ કરતો જાય છે પણ ચંપાદે જે દીવસથી મારૂ પરણીને મૂકી ગયો તેજ દીવસથી ખાનપાન અને ગાનગીત મૂકીને પરમેશ્વરની ભક્તી કરે છે ઘણા દીવસ વહી ગયા પછી એક દહાડો રાણીએ દાશીને કહ્યું કે આજ મારા માથામાં ઘાલવા સારૂ ચંપેલીનું તેલ લેઈ આવ, પછી દાશી સરઇયાને ત્યાં લેવાને આવી અને કહ્યું કે

દુહો—સરઇયા તુંતો સારૂ જોઇનેરે, મુને આપજે ચંપલ તેલરે; મુને૦ ઝટપટ કરી તુંતો જોખજેરે, તારૂ કામ પડયું સહૂ મેલરે તા૦

સરઇયાએ જલદીથી તેલ આપ્યું તેલ લઇને દાશી જાયછે એવામાં ઘોડાનો

ને માણસનો પડછાયો જમીન ઉપર પડ્યો ઉચુ જોયું એટલે ગજરામારૂ જેવો પુરૂષ દીઠો તેથી હાથમાંનું કચોળું પડી ગયું તે જોઇ સરદયાએ કહ્યું કે કચોળું કેમ પડી ગયું દાશી કહે તે પડયાની મને ફીકર નથી એમ કહી ઉતાવળી પે ની બાઇ પાસે આવીને કહ્યું કેઃ–

દુહો—કાળે ઘોડેને કાળે લુગડેરે કાંઇ ગજરેમારૂ અસવારરે, કાંઇ૦ સાચું માનો મારી બાઇજીરે, જાણે તમારો ભરથારરે, જાણે.

બાઈ ગજરામારૂ આકાશ મારગે જાય છે તે સાંભળીને ચંપાદેને ઘણી રીશ ચડી અને દાસીને કહ્યું-

દુહો-જાને તું જુઠા બોલી છોકરીરે, મને પડીયલ કટારીના ઘાવરે, મ૦ નીચી જાત તું લંડીનારે, કીધી મસ્કરી હશે જોઇ દાવરે; કી૦ જાજા રાંડ તારે આજ મસ્કરી કરવાનો વખત છે તાહારે મન હસવું અને મને તો કટારીના ગાવ લાગે છે દાસી જંખવાણી પડી અને હાથ જોડીને બોલી કે બાઇ હું મશકરી ઠરતી નથી તમે મહારી સાથે ચાલો તો આપણી અગાગી ઉપર જઇને જોઇએ પછી બંને જણાં અગાશી ઉપર આવીને જુએછે તો આકાશ મારગે મારૂને જતો દીઠો. તેથી ચંપાદે ખુશી થઇ બોલી કે–

દુહો——ઘોડો બાંધું ઘોડાળમાંરે કાંઇ પલાણ મેલું પરસાળરે. કાં૦ દામાવતીતા દીકરારે તુતો માહારે મોહોલ પધારરે. તુતો॰

મારૂને કાને અવાજ આવતાંજ ઘોડાને ઉભો રાખ્યો પોતે વિચાર કરે છે કે અહી કોણ બોલાવતું હશે રસ્તામાં માશીનું ગામ આવે છે તેતો નહી હોય મારી માનું નામ દેછે તેથી એજ હશે એમ ધારી ઘોડાને તે મેહેલમાં ઉતારી દીધો; મારૂને જોઇને ચંપાદેને બહુ આનંદ થયો, તેણે ઓળખાણ કાઢ્યા વગર ત્રણ દહાડા સુધી મારૂને પોતાની પાસે રાખ્યો એક દહાડો બંને જણા સોગટાં બાજી રમવા બેઠાં તે વખતે રાણી કહે તમે મરદછો તેથી તમે મને જીતશો. એટલે મારૂ કહે એમાં તો કાંઈ મરદાઇનું કામ નથી એતો નશીબની વાતછે જેના દાવ પડે તે જીતે રાણી કહે કે જયાં ત્યાં નશીબતો સાથેજ છે તમે મને ચોરીમાંથી મુકીને નાઠા હતા પણ મારા નશીબમાં હતું તમે પાછાં ભેગાં થયાં. એ સાંભળીને મારૂ વિચારમાં પડ્યો કે હવે આ સુખમાંથી જવાશે નહી

એમ ધારી બાજી ઉપાડી નાખી અને રાણી પાસે રજા માગી.

દુહો—ઘડીએ રહ્યાની મારે આખડીરે અન્ન પાણી લેવું મારે વીખરૂં; અને ઝટપટ અમે ચાલશુરે, રાણી ખુશીથી આપો સાંખરે.

તમે ખુશી થઇ મને રજા આપો હું હવે પરદેશ જાઉં રાણીને પસ્તાવો થયો કે ઓળખાણ કાઢવાથી મારે પાછો વિજોગ થયો આટલા દિવસ દુઃખના ડુંગર ફુટ્યા ત્યારે પ્રભુએ દયા લાવી સુખમાં નાંખી પણ પાછું મારૂં કરમ ફરી વળ્યું એવી રીતે પસ્તાવો કરી રાણી રૂદન કરતી કહેવા લાગી.

દુહો—તમે ચાલ્યા રાજા ચાકરીરે. અમને કોની ભલામણ દોછોરે અમને૰ સુખ દુખ જોવા કોણ આવશેરે તેની કોને સુપરત દોછોરે, તે૰

હે રાણી વધારે રૂદન કરે કાંઇ ઘણુ છે મને રજા આપો રાજા કહે છે.

દુહો—તમને સોંપ્યાં મદાર માળીયાંરે રાણી સોંપી હીંચોળા ખાટરે, રા૰ ખાઓ પીઓને ખેલો મોજમાંરે, તમે માહાલો મહીયરની વાટરે, તમે. અમે મેહેલ બંધીખાનુ માનીએરે, મને હીંચોળો શુળી સમાનરે, મને૰ મોજો મુકીને રૂદન માંડીએરે, રાજન મહીર ઉજડરાનરે. રાજા૰ તમને સોંપ્યા કણકી કોદરારે, તમને સોંપી દુઝણી બે જોટરે. તમને૰ દુધસાકર પીઓ હાડીએરે, વસ્ત્ર શણુગારની નથી ખોટરે, વસ્ત્ર૰ મારે કોદરા કોયલારે દુજણી જોટ ચામડીયાને દેજોરે દુજણી૰ દુધ સાકર રૂધીર દેખાઓરે, વસ્ત્ર બાળી રખ્યા ચોળી રહુરે, વસ્ત્ર૰ તમને સોંપ્યો સમરથ રેંટીઓરે, તમને સોંપ્યો રણ કપાસરે તમ૰ સરખાં સહીયર મળી કાંતજોરે તેમાં નહી રહો ઉદાસરે, તેમાં૰ રેંટીઓ ભાગીને રાંધું ખીચડીરે, કાંઇ કપાસે મુકુ આગરે કાંઇ૰ સાહેલીઓને સગાં નથી કામનારે. મેતો ઝાલી તમારી બાંહરે, મેતો૰ તમને સોંપ્યો પારસ પીપળોરે રાણી ગણજો પીપળીયાના પાનરે, રાણી. બાર વરશે અમે આવશુરે, રાણી વાળીશું તમારા વાનરે; રાણી સાથે નેડો મારા સાયબારે મારાં બાર વરસ કેમ જાયરે; મા૰ વિજોગની ઘડીઓ જાય વેગળીરે, મને દહાડો વરસ સમજાયરે મને૰ આવું જાણતતો નવ પરણતીરે, રાજા બાળ કુમારી રહેતરે રા૰ કાલો હાથ મેંતો ઝાલીઓરે મારા કરમને દોષ દોષ ન દેતરે; મારે સાસરૂ જોયાના રહ્યા ઓરતારે. રક્ષમી ઘુંઘટ તાણ્યાના રહ્યા કોડરે. સ્વામી૰ તમે ચંપોને હુતો કેતકીરે, મહારી બની બની

હતી જોડરે: મહારી૦ ગેહેરી ઓઢીને ફરત સાસરેરે તે સહુ વિચાર અમારા અંગરે; તે નથી છુટયા હાથના મીંઢળરે, નથી ઉતર્યો પાનેતરનો રંગરે; નથી.

રાણીએ વિલાપ કરીને કહ્યું કે-

રાગ પરજની દેશી પીયુ શું થાશેરે થાશે; મહારી રૂજની કેઈ પેર જાશે. એ ટેક. તમે મુકીને ચાલ્યા વનવાસરે; સ્વામી કોહની નથી મારે આશરે, હુંતો થઈને બેઠી નીરાશ. પી૦ સ્વામી હિસો નાના બાળ, સાથે નથી કોઈ રખવાળ, તમારી કોણ લેશે સંભાળ; પી૦ તમે હઠ કરી વન જશોરે તમે ભાવતા ભોજન ક્યાં ખાશોરે; સ્વામી દુખીઆ ઘણા તમે થાશોરે પી૦ સ્વામી હજુ છો બાળે વેશરે તમે રખે જતા પરદેશરે, મારૂં કહ્યું માનો લવલેશ, પી૦ મારી સંગી નણંદના વીરરે; માહારે નયણે વહે છે નીરરે; મુને નથી રહેતી ધીર પી૦ મારી ભલી બનીતી જોડીરે, દૈવ કોપ કરી બેલ તોડીરે. તમે શીદ નાખો તરછોડી પી૦ પ્રાણનાથ પાછા તમે આવોરે, માહારા ઉપર દયા તમે લાવોરે; સ્વામી અબળાના પ્રાણ બચાવો, પી૦ મારૂ ગોરૂ ગુલાબ શું અંગ, ફીકુ પડી પીળો પડયો રંગરે, મારા હરખ થયા સહુ ભંગ, પી૦ મેંતો જાણ્યુ જડયુ જે રત્નરે, તેને રાખીશુ કરી જતનરે; સ્વામી સીદને છોડોછો વનરે, પી૦ મારૂ રત્ન તે રજમાં રોળ્યુંરે, મારૂ પાપ કરમ બોળ્યુરે, મારૂ કોમળ કાળજુ ખોળ્યુરે પી૦ વિધાત્રીને મારૂ દવેખરે, તેથી લખીઆતા આવા લેખરે, વેહેરભાવે તે મારા આ મેખરે. પી૦ વીયોગ બાણ મને ઘણા વાગેરે. મારૂ અંતર ભડકા લાગેરે, તે તો બોલવું કોની આગેરે પી૦ સ્વામી હું છુ નાનેરૂ બાળરે. તમો વીના આવી પહોચે કાળરે, મારી કોણ લેશે સંભાળ. પી૦ હજી સોળ વરસ નથી થયારે, મનના મનોરથ મનમાં રહ્યારે; નાની વયમાં મુકી મને ગયા પી૦ અપવાસ કરી રાત જાગુરે, ઉમીયાજીને પાએ લાગુરે; હુંતો વરત કરી વર માગુ, પી૦ તમો પાછા વળો ઘર આજરે, મારૂ કહ્યું માનો મહારાજરે; આપુ મારા બાપનુ રાજ પી૦ જાઓ કહેતામાં જીભડી જાયરે; તમ વીના કેમ રહેવાયરે. વીયોગ દુખ તે કેમ સહેવાયરે, પી૦ હજુ હાથના મેઢળ નથી છુટયારે, મારા પાએ અમુલ ફુટયારે. રોઇ નેણનાં નીરજ ખુટયાંરે; પી૦ એમ રાણી રૂદન કરેછેરે, નયણે નીરની ધારા ઝરેછે; મારે આગળ પાલવ ધરેછે. પી૦ મને સાસરે આવ્યાના કોડરે, નથી હાંડી

મોડામોડરે; ચંપા કેતકી બનીતી જોડરે. પી૦ મને સાસુ જોયાની ચંતરે, મને પાએ પડયાની ખંતરે, કહ્યું માનો મારા ગુણવંત. પી૦ મારૂએ કહ્યું કે

દુહો–ફંફાસ મુકો તમેરે કામનીરે, કાંઇ ધીરજ રાખજો ચંતરે; કા૦ શુકન ભલેરા અમને આપીએ અમે ચાલીએ અમારે પંથરે અ૦ હવે રોવાનું કામ નથી ધીરજ રાખીને રહો રાજાની હઠ જોઇ રાણીએ શુકન આપવા માંડયા.

દુહો—ડાબા જમણા જોને તેતર બોલેરે. રાજા આડી ઉતરે મંજારરે. રા૦ એવે શુકને તમે ચાલસોરે, તમને ઘાતક લોહીની ધારરે; તમ૦ આટો ફુટોને રાજા ઘી ઘડોરે કાંઇ છુટે કેશે જોને નારરે કાં. એવે શુકને તમે ચાલશો તો રાજા નહી દેખો દરબારરે. રાજા૦

તમે જશો તો મહા વીઘ્ન નડશે મારૂએ કહ્યું કે રાણી અપશુકન બોલ્યા કરતાં સારા શુકન આપો. રાણી સારા શુકન આપે છે.

દુહો—ડાબા બોલે રાજા દેવલારે, કાંઇ જમણેરી બેરવ હોયરે, કાં૦ એવે શુકને તમે ચાલશોરે તમને વેરી ન મળશે કોઇરે, તમ૦ કોરે ઘડે કુંવારકારે, તેને બોળે અક્ષાણું જરા જારરે, તે૦ એવે શુકને તમે ચાલશો, તમને મળશે ફુલાદે નારરે. ત૦ વર કન્યા પરણીને આવતારે, સામા મળે નીશાળીઆ સારરે, સા૦ એવે શુકને તમે ચાલશો તો તમને મળશે દેવળદે નારરે. તમ૦ દેવ સકળ સુખ જોગણીરે, કાંઇ પીતા કહેવાયરે, કાં૦ રક્ષા કરો રાજા તમ તણીરે, રાણી કહે સુણો મારા રાયરે, રા૦ ચારે ચૌટે રાજા ચાવડા, જ્યાં મડદાં બળે મશાણરે, જ્યાં૦ ત્યાં રક્ષા કરે મુજ માવડીરે; સફળ હોજો તમારૂં કલ્યાણ, સફ૦ શહેર વાડીને રાપ રણવીશેરે, જ્યાં પર્વતને હોય પાડરે, જ્યાં૦ હુરે આરાધુ મારી માવડીરે, તેતો આવીને પુરે લાડરે, તે૦ પશુ પંખીને હદ્દીત માનવીરે, કાંઇ નર નારીને રાયરે, કાં૦ એ વશ થાશે રાજા તણીરે, કાંઈ ગુરૂ છે અંબા માયરે, કાં૦ પરમુલક પરદેશડેરે, પરધરતી પરવાસરે, કાં૦ જગસર મહાદેવ તમારી સાહામાંરે. કાંઇ પુરી કરે સઉ આશરે; કાં૦ નયણા મારામાંથી નીર વહેરે; કાળજ કકડા થાયરે, કાં૦ હીમ પડે ધરતી ગડગડેરે એવું મારે દુઃખરે કાં૦ જ્યારે રાજા તમને દેખશું ત્યારે તો થાશે સુખરે, ત્યારે૦ નર વીના નારી એકલીરે, તેનો પગલે પગલે વાંકરે. તે દીસે દીન મુને બીહામણોરે; હુતો કોડ ભરી ક-

સંકરે, રાણી કહે રાજા સંચરારે, કાંઇ ચલાવો ચતુર તોખાર કાં૦ લહેતા શુકન લેઇ ચાલીઓરે, ગજરામાર રણે ઠારરે, ગ૦

રાણીએ રજા આપી એટલે રાજા પોતે શુકન જોઇને ચાલ્યા જ્યાં રાજા ગયા કે રાણી મહા રૂદન કરેછે કે હે દાસી રાજા વીના મારા પ્રાણ રહેનાર નથી માટે રાજાની સાથે જવાય તો ઠીક રાણીનું આ કહેવું સાંભળીને એક દાસી બોલી કે આપણી એક દાસી પાસે અતિતની આપેલી એક જડી બુટી હતી તેમાં એવો ગુણ હતો કે માણસ મોંમાં રાખીને જે જનાવરનું રૂપ લેવા ચહાય તે રૂપ થઇ જાય રાણીએ તે જડી બુટી લઇ મોંમાં નાંખીને પોતે ભમરી થઇને રાજાની પાછળ ગઇ અને રાજાના પેંગડામાં ભરાઇ ગઈ હવે જંગલમાં બણી ઝડપથી રાજા જાય છે એટલે રાણી મોંઢામાંથી બોલી કેઃ—

દુહો—હળવે રેવંત રાજા ખેલાવજોરે, કાંઇ કાળજ કકડા થાયરે, કાં૦ સવા ગજનું છે રાજા નેળીયુરે, મારૂ ડાબેરૂ અંગ દબાયરે, મા૦ ઘોડાને ધીમે ચલાવો આ અવાજ મારૂને કાંને આવ્યો એટલે ઘોડો ઉભો રાખીને ચારે તરફ જોવા માંડયું પણ કોઇને દીઠું નહી એટલે મન વાળ્યુ કે એતો રાણીના ભણકારા વાગતા હશે એમ ધારી આગળ ચાલ્યા ફરીને રાણી બોલી. **દુહો**—દામાવતીના દીકરારે, મારી સગી નણંદના વીરરે, મા૦ હળવે રેવંત તમે હાકજોરે, મારૂ સોસાઇ જાય શરીરે, મા૦ રાજા તરત ઉભા રહીને તલવાર ખેંચીને કહ્યું કે જે હોય તે મારા સામે આવો નહીતો હું ' ગીને પ્રલે કરીશ એટલે રાણી પોતાનું સ્વરૂપ બદલીને રાજાના સામે આવી ઉભી રહી એટલે રાજાએ કહ્યું કે તમે મારો કેડો નહી મુકોતો મારી મેળે આપઘાત કરીશ રાજાને રીશમાં જોઈ રાણીએ કહ્યું કે તમારી મરજી નથી તો હું નહી આવું એક વડ રોપ્યો તે રોપતાંજ મોટો ગંભીર થઇ પડયો પછી રાણીએ કહ્યું કે તમારે જવું હોયતો જાઓ હુતો અહીંજ રહીશ ને તમે જ્યારે આવશો ત્યારેજ આવીશ એમ કહી રજા આપી રાજા ગયા એટલે રાણીએ પાછું વડ ઉપર રૂદન કરવા માંડયુ રાણીનુ રૂદન સાંભળીને નદીના નીર પણ થંભી રહ્યાં છેવટે રાણીએ મન વાળ્યું ગજરામાર ખેડ ખેડ કરતો જાય છે આગળ રાયારૂપાનુ શેહેર આવ્યુ તે શેહેરની બહાર સુકાઇ ગયેલો બાગ હતો તેમાં જઇને ઉભો રહ્યો એટલે

બાગ લીલો છમ થઇ ગયો અને ફુલના છોડને ફુલ આવ્યાં રાજા ઝાડ સાથે ઘોડો બાંધીને ઝાડ નીચે સુતા એટલે ઊંઘ આવી ગઈ એટલામાં એજ ગામના ઢેઢ તથા વાઘરી હમેશ લાકડા વીણવા આવતા હતા તેઓ જુવે છે તો બાગ લીલો કલાર જેવો શોભી રહ્યો. અને અંદર એક ઘોડો અને પુરૂષ દીઠો તે જોઈ ને બાગની માલીક માલણ હતી તેની પાસે જઇ કહ્યું કે તારો બાગ લીલો છમ જેવો થઈ ગયો છે અને કોઇ મોટો પુરૂષ બાગમાં સુતો છે માલણ કહે કહે તમને લાકડા નહી મળ્યાં હોય માટે તમે એમ કહોછો પેલા માણસોએ સમ ખાધા એટલે માલણ બાગમાં આવી પછી પોતે એમના પગલાથી ઝાડ લીલા થયાં છે એમ ધારીને ફુલ ચુંટી હાર ગજરા બનાવી રાજાને આપવા જાય છે એટલે ઘોડે ખુખારો કર્યો તેથી રાજા જાગી ઉઠયો ને માલણ ઉભી રહી તેને મારૂએ પાંચ મોરો આપી માલણ જોઇ રાજી થઇ અને જાણ્યું કે આ કોઇ રાજા છે એમ ધારી રાજાને પુછેછે,

દુહો—કીયારે મુલકના તમે રાજવીરે, રાજા કીયાં તમારા ગામરે, રાજા૦ નાની વય કેમ નીસરારે, એવું શુંરે પડયુંછે કામરે એવું૦ તેજ ન માએ ત્રણ લોકમાંરે રાજા હજુએછો બાળે વેશરે રા૦ શાને દુખે તમે આવીયારે તમે કેમ વેઠો પરદેશરે તમે. નોકર ચાકર નથી સાથમાંરે કાંઈ એકલા આવ્યા આપરે, કાં૦ સાચુ બોલો મારા સાયબારે તમને મુજ માર્યાનું પાપરે, તમને૦ હે રાજાજી નાની વયમાં રાજપાટ તજીને એકલા શા દુઃખ પરદેશ વેઠોછો મારૂ કહેછે.

દુહો—નથી અમે કાંઇ રાજવીરે, બેહેન નથી કરતા અમે રાજરે, બે૦ પૃથ્વી પ્રદક્ષણા કારણેરે, કાંઈ આખો મુલક જોવા કાજરે, કાંઇ. નામ ઠામ ત્યાં બતાવીએરે, જ્યાં થતું હોય વિવાહનું કામરે, જ્યાં૦ આ શેહેર શોભીતું અમે જોઇનેરે, પછે જઇશું બીજે ગામરે, પછે૦ હે બેહેન હું રાજા નથી મુલક જોવા નીકલ્યોછું આ સારૂ શેહેર જોઇને અહીયાં આવ્યોછું દસ પંદર દહાડા રહેવાનો વિચારછે પછી બીજે ગામ જઇશું માળણ મારૂને પોતાને ઘેર તેડી લાવી અને જમાડયા પછી મારૂ કેહે કે આ શેહેરના રાજા પાસે જઉં છું જો મને નોકર રાખશે તો અહીંજ રહીશ એમ કહી કચેરીમાં આવીને શયારૂપાને સામો ઉભો રહ્યો, કુંવરનું મુખ જોઇને રાજાએ વિચાર કર્યો કે આ કોઇ મોટો પુરૂષ છે

એવું ધારીને પુછેછે. **દુહો**—કીયા મુલકના તમે રાજવીરે, વળી શું છે તમારૂ નામ વળી. શારે કારણ પરદેશ નીકળ્યારે એવું શુંરે પડયું છે કામ. એવું૦ કોને દુઃખે તમે આવીયા, હજુ દીસોછો બાળે વેશરે; હજુ૦ નેજ કાંઇ તગતગેરે કેમ છોડયો પોતાનો દેશરે. કેમ૦

રાજાનાં વચન સાંભળીને મારૂ કહે કે નામ ગામ તો બતાવું નહી.

દુહો—અમે નહી રાજા નહી રાજવીરે કાંઇ છેટ અમારૂં ગામરે કાંઇ. આવ્યો પરદેશમાં રાજા ચાકર રહ્યાનું કામરે; ગ૦ નામ મારૂ નથી પાડીયુ, મને કાકોર કહેછે સહુ લોકોરે મને૦ હેતે કરીને મને રાખશો, તો તેની હજુરમાં રહુરે હુંતો.

હું રાજકુંવર નથી મારૂ ગામ ઘણું દુરછે હું છેટ રહું છું મારૂ નામ હજી પાડયુ નથી સહુ મને કાકોર કહેછે એવું સાંભળીને રાજા ખુશી થયા અને કહ્યું કે તમે શો પગાર લેશો મારૂ કહે દર મહીને સવા લાખ રૂપીઆ લેઇશું રાજા સવાલાખની રકમ સાંભળીને ભડકયા અને એવો વિચાર કરયો કે મારા આખા લશ્કરનો પગાર સવાલાખ નથી આ એક માણસને એટલી બધી રકમ કેમ અપાય એવું ધારીને પ્રધાનને પોતાની નાખુશી બતાવી પ્રધાને કહ્યુ કે જો હવે તમે આશાભંગ કરશો અને બીજો કોક નાનો રાજા રાખશે તો આપણી આબરૂ જશે અને એનામાં સવા લાખના જેટલો કસ હશે તોજ તેટલા માગતો હશે માટે ગમે તો એક મહીનો રાખીને રજા આપજો પછી રાજાએ હા કહી ત્યારે મારૂએ કહ્યું કે સવા પહોર દહાડે નોકરીપર આવીશ અને સાંજરે ઘેર જઇશ તમને કદી સલામ કરીશ નહી ને મારે કોઇને નમવાનો નીયમ છે ત્યારે રાજા કહે મારી સામે એક બાજી રમશો એટલે બસછે મોટા પગારનો માણસ કાંઇ વરતિરૂં કરતો નથી એમ કહી મારૂને બહાલ કરયો પછી મારૂ માલણને ત્યાં આવ્યો અને કહ્યું કે હું નોકરીમાં બહાલ થયો એમ કરતાં મહીનો તો થવા આવ્યો એટલે રાજા વિચારમાં પડયા અને પ્રધાનને પુછવા લાગ્યા કે હવે શું કરશું પ્રધાને કહ્યું કે બારમે દરવાજે રાક્ષસ આવેછે અને રોજ એક માણસ લઇ જાય છે માટે મારૂને ચોકી ઉપર મુકો એટલે રાક્ષસ મારી નાખશે પછી આપણે રજા આપવી નહી પડે રાજાએ મારૂને કહ્યું કે રાતરે બારમે દરવાજે પેરા ઉપર જજો મારૂ કહે સારૂ સાંજ પડી એટલે માળણ ભાંડા આવી મારૂએ મા-

ણુને પેરા ઉપરની વાત કહી તે સાંભળી માળણુ દીલગીરી થઇ મારૂને કહેવા લાગી કે બાઇ એ દરવાજે રોજ રાક્ષસ આવીને એક માણુસ લઇ જાયછે માટે આજ તમારા માથે પ્રાણુઘાત આવીછે મારૂ કહે હું રાક્ષસથી બીહીતો નથી પોતે હથીઆર સજીને પોતાના ઘોડાને લઇ રાતરે દરવાજા ઉપર આવી શીવનું ધ્યાન ધરવા લાગ્યો કે હે માહાદેવ તારા હાથમાં બચાવાનું છે એમ કહી તરવાર ઉઘાડી કરી કમાડ પાછળ ઉભો રહ્યો મધરાત જતાં રાક્ષસ આવ્યો એ દરવાજા સામું જોતાં બારી ઉઘાડી દેખીને મનમાં ખુશી થયો કે આજે ભાગવાની પંચાત પડશે નહી એમ કહી બારીમાં માંથુ ઘાલ્યું કે તરતજ મારૂએ ખડકથી ઘા માર્યો કે રાક્ષસનું ધડ અને માથુ જુદું થયું એટલે તેના નાક અને કાન કાપી લઇને મારૂ પોતે મકાન ઉપર આવ્યો; અને રાજાને ખબર થઇ કે મારૂએ રાક્ષસ મા-રયો રાજાને પ્રધાન બહુ ખુશી થયાં. અને તેઓ મારૂને દેવતા માનવા લાગ્યા મારૂએ આવી રાજાને નીશાની બતાવી એટલે રાજાએ ઇનામ આપ્યું ઘણા દી-વશ થયા પછી ચંપાવતી નગરીના રાજાની કુંવરી ફુલાદે મહા રૂપવંતી છે તેણે મારૂની કીરતી સાંભળી તેથી તેની સાથે પરણુવાનો વીચાર કરી બ્રાહ્મણને બો-લાવ્યો અને કાગળ આપીને વીવાહ કરવા મોકલ્યો બ્રાહ્મણ કાગળ લઇને દામા-વંતીની પાસે ગયો ત્યારે દામાવંતી કહે કે મારો કુંવરતો દેશવટે ગયો છે એવું સાંભળી બ્રાહ્મણુ રાયારૂપાના મુલકમાં આવ્યો, અને વિચારયું કે ફુલાદે મારૂને ઓળખતી નથી માટે એને બદલે રાયારૂપાને પરણાવું તો ઠીક એમ ધારી તે શેહેરમાં આવ્યો અને કહ્યું કે માહારાજ હું ચંપાવતી નગરીમાંથી વેવહંસાળ ક-રવા આવ્યોછું રાજાએ વીચારયુ કે હવે આપણે પરણવા છાંનાં જવું પડશે કેમકે જો ઠાકોર સાથે હશેતો મારો સીકાર મુકરર એ લઇ જશે માટે બ્રાહ્મણને બ-હાર બેસાડી રાજા અને પ્રધાન એકાંતે બ્રાહ્મણને સરવે હકીકત પુછેછે બ્રાહ્મણે કહ્યું કે માહારાજ મને માંડવગઢમાં ગજરામારૂની સાથે વીવાહ કરવા સારૂ મો-કલ્યો હતો પણુ તેતો દેશવટે ગયા છે અને કુંવરીએ ગજરામારૂને કદી જોયો નથી માટે તમે તેના નામથી આવો તમારૂં કામ થાય રાજાએ કહ્યું કે લાગ તો સારો છે પછી બ્રાહ્મણને ઘણું ધન આપી વદાય કીધો તેણે ચંપાવતી નગરીમાં આવીને વીવાહ કરયાની વધાઇ ખાધી તે સાંભળી સહુ ખુશી થયા બ્રાહ્મણને

પણ પહેરામણી આપી ખુશી કરયો અને લગનની તઈયારી કરવા માંડી અહીંયાં રૂ-પારૂપે પ્રધાનને કહ્યું કે તમે પાછળથી ઠાકોરને શેહેર સાચવવાનું સોંપીને આવજો. એમ કહી લાવ લશ્કર સાથે રાજા રસ્તે પડયા બીજે દીવસે ઠાકોર કચેરીમાં આ-વ્યા ત્યાંતો સુનુસટ દીઠું પ્રધાનને પુછતાં જવાબ મળયો કે રાજા પરણવા ગયા છે. હું પણ જવાનોછું અને તમને શેહેર સાચવવાનું કહી ગયાછે એવું સાંભળી ઠાકોરને દુઃખ લાગ્યું પણ નોકર રહ્યા માટે હુકમ માનવો એમ ધારીને પોતે શેહેર સાચવવા રહ્યા થોડાક દહાડામાં જાન આવી પોંહોંચ્યા ખબર થઈ એટલે રાણીએ તેમને ઉતારો આપ્યો ને તેમની ચતુરાઈની પરીક્ષા કરવા માંડી રાણીએ સાત રંગના પડદા બંધાવી રાજાને કહેવરાવ્યું કે પડદા છોડવા તમે આવો તમે છોડશો તો હું તમને પરણીશ રાજાને બહુ-વીમાસણ થઈ પડદાની વાત પોતે જા-ણતા નથી એટલે પાછા કહાડશે તો ફજેત જશે અહીંયાં ગજરામારૂ શેહેરમાં ચમન કરેછે થોડા દહાડા ગયા પછી શેહેરની ખુશી ખુશાલીનો સમાચાર રાજાને લખી મોકલ્યો અને પછાડીથી ફકીર બની રાજાની ચરચા જોવા પોતે પોતાના પવનવેગી ઘોડા ઉપર સ્વાર થઈને આકાશ મારગે ઉરાડયો તે એક ઘડીમાં ફુ-લાદેના નગરમાં ઉડી આવ્યો ને એક મસીદમાં ઉતરયો અહીંયાં રાજાના માણસો પડદા છોડી શકે એવા હુશીઆર માણસને શોધતા ફરેછે તેમણે મુસાફર ધારીને મારૂને કહ્યું કે ફકીર સાહેબ તમને સાત રંગના પડદા છોડતાં આવડે છે તેને જ-વાબ દીધો કે હું બે ચારેક છોડીશ એટલે શીપાઈઓએ કહ્યું કે અમારા રાજા પાસે પધારો ફકીર કહે અમારે રાજાનું શું કામ છે સીપાઈએ કહ્યું કે અમારા રાજા આ શેહેરમાં પરણવા સારૂ આવ્યા છે પણ કુંવરીએ પડદા બંધાવ્યા છે ને તે પડદા છોડવાની રાજામાં શક્તી નથી માટે તમારૂં કામ છે.

એવું સાંભળી મારૂને ખાત્રી થઈ કે રાજા હજી પરણ્યા નથી જો મને સાથે લઈ ગયા હોતતો ક્યારનું કામ થયું હોત પણ એમણે આપણાથી છાનું રાખ્યું તો તેનું ફળ તેને મળ્યું પણ આપણે રાજાનું નીમક ખાધું છે માટે તેમનું કામ કરવું જોઇએ એવું ધારી ગજરામારૂ કહે ભાઈ તમે પરણવાના લુગડા લેઇ આવો હું તે પેહેરીને પડદા છોડી આવું પછી તે લુગડા પેહેરીને રાજા પરણવા જશે તો રાણીને કાંઈ અદેશો આવશે નહી સીપાઈઓ ખુશી થતાં રાજાની પાસે આવ્યા

અને બધી વાત કહી તેથી રાજા પણ ખુશી થયા અને પરણવાનો પોશાક તે ફકીર પાસે મોકલી દીધો ફકીરે સીપાઇઓ પાસે રાણીને કેહવરાવ્યું કે સાંજરે પડદા છોડવા સારૂ અમારા રાજાજી આવવાના છે તેથી રાણીએ પોતે સોળે સણગાર સજી તે રાજાની વાટ જોતી બેઠી છે હવે ફકીરના વેશથી આવેલા મારૂજી રાજાના વસ્ત્ર અલંકાર સજીને પોતાના રેવંત ઉપર સ્વાર થયા એટલે દેવાંશી જેવા દેખાવા લાગ્યા. મારૂજી પોતાના રેવંતને ચાલતા નચાવતા રાણીના મેહેલ તરફ આવ્યા તેમને જોતાંજ રાણી મોહીત થઇ ગઇ અને એક બીજાની નજર એક થતાં ઘોડો તલપીને રાણીના મેહેલમાં ગયો મારૂ બાહાર બેઠા છે ને રાણી સાત રંગના પડદા વિશે પુછેછે તે મારૂ તેના જવાબ આપે છે એટલે દાશી પડદા છોડે છે.

દુહો—પડદે આવ્યા મારા વાલમારે, તમે કહોને પડદા કેરી રીતે રે; ત૦ ધોળો પડદો કહી દાખવોરે વરમાળઆરોપુ આણી પ્રીતરે, વ. ધોળાવનમાં રાણી ધન ચરેરે, કાંઇ ધોળો વન કપાસરે, કાં૦ ધોળી પુ૦ વ માથે પાઘડીને; એતો શોભીતી બારે માસરે; અ૦ ભલો કહયો ને ભલો દાખવ્યોરે કાંઇ ભલો બનાવ્યો રંગરે; કાં૦ પીળો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે ત૦ ધોળો પડદો પાછો કરોરે રાણી પીળાની સુણજો રીતરે, રાણી૦ ઘડી એકમાં પરણી દાખવુંરે પરણી લઇ જઇશ ખચીતરે; પરણી૦ પીળો વનમાં રાણી પોપટોરે, કાંઇ પીળી આંબાની ડાળરે; કાંઇ૦ પીળી ગોરાદેનો કંચવોરે, કશી કશી પહેરે આણી વહાલરે કશી૦ ભલે કહયો ને ભલે પાઠવ્યોરે કાંઇ ભલો બનાવ્યો રંગરે; કાંઇ૦ રાતો પડદો કહી દાખવોરે. તમને પોઢાડુ સેજ પલંગરે; તમને૦ પીળો પડદો પાછો કરોરે, રાણી રાતાની સુણજો રીતરે, રા૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લેઈ જઈશુ ખચીતરે, પ૦ રાતી તે વનમાં ચણોઠડીરે રાણી રાતો કસુંબો મજીઠરે; રા૦ રાતો ગોરાદેનો ચુડલોરે, બારે માસ પેહેરંતો દીઠરે; બા. ભલો કહો ને ભલો પાઠવ્યોરે; રાજા ભલો બનાવ્યો રંગરે; રા. કાળો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે; તાગતો પડદો પાછો કરોરે રાણી કાળાની સુણજો રીતરે; રાતો ઘડી એકમાં કહી દાખવુંરે પરણી લઈ જઈશુ ખચીતરે, પ૦ કાળો તે વનમાં કોશીઓરે; કાંઇ તેવી કાળોરે કાગડે કાં૦ કાળો ગોરાદેનો ચોટલોરે, જાણે શોભતો વશીયલ નાગરે; જા ભલે કહયો ને ભલો પાઠવ્યોરે. રાજા ભલે બનાવ્યો રંગરે, રા૦ લીલો પડદો દાખવોરે તેમને પોઢાડુ સેજ પલંગરે તમે. કાળો પડદો પાછો કરોરે, તમે સુણજો લીલા કેરી રીતરે; ત૦ ઘડીએકમાં કહી દાખવુંરે પરણી લઇ જઇશું ખચીતરે પ. લીલો તે વનમાં વાંસોળીઓરે, રાણી લીલા તે જવનો છોડરે રા૦

લીલો દોરાદેનો સાળુડોરે; કાંઇ ઓઢંતાં પહોંચે કોડરે કાં. ભલે કહ્યો ને ભલે પાપર્યોરે, રાજા ભલો ભજાવ્યો રંગરે, રા૦ કાબરો પડદો કહી દાખવોરે તમને પોઢાડુ સેજ પલંગરે, ત૦ લીલો તે પડદો. પાછો કરોરે તમે સુણજો કાબરા કેરી રીતરે, ત૦ ઘડી એકમાં કહી દાખવુરે, પરણી લઇ જઇશુ ખચીતરે કાબરા રબારી ઘેર ઘેટડાં રાણી કાબરી ભાવસાર ઘેર ભાતરે. રા૦ કાબરી ગોરાદેની આંખડીરે, તેતો આંજતી માઝમ રાતરે તે૦ ભલે કહ્યો ને ભલે પાડવ્યોરે. રાજા ભલો ભજાવ્યો રંગરે રા. ફરતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે કાબરો પડદો પાછો કરોરે રાણી ફરતાની સુણજો રીતરે ત ઘડીએકમાં કહી દાખવુરે, પરણી જાઉં ખચીતરે રા૦ ફરતો ઘાંચી ઘેર ઘાણી ઘૂમારે, રાણી ફરતો કુંભાર ચાકરે રા૦ ફરતો ગોરાદેનો રેંટીઓરે જેની સોનાવરણી ત્રાકરે; સાત છોડયાં ને હજુ છોડશુરે. રાણી પુછો તે જવાબ દઉરે. રાખો હઇઆમાં રંગ ઓરતોરે, આણંદી પુછે તેરે કહું રૂપ જોઇ હરખુ સાહ્યારે કથન સુણી વાગે મોહબાણરે, ક. પેલા ભવના પુન્યે પામીએરે; સ્વામી ચતુર વિના ગણજાણરે, સ્વા. પડદા છોડયા મારા સાહ્યબા, હવે રહેતી નથી ધીરરે, હ. વરમાળા આરોપ હે તશુ, કરી સ્થાપુ નણદલ કેરાવીર. કરે, ભલા કહ્યાને ભલા પાડવ્યારે, રાજા ભલો ભજાવ્યો રંગરે, રા. ગદબદ પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે. તમને૦

ફુલાદે કહેછે કે તમે પડદા છોડયા તેથી મને ઘણો હરખ થયો છે માટે હવે જલદીથી તમારી સાથે પરણવાનો એક નવો પડદો પુછુંછુ તેનો મને જવાબ આપો એટલે મારા સરવ મનોરથ સફળ થાય.

દુહો—પડદા પાછા કરો કામનીરે, તમે આવી બેસો સનમુખરે, તમે૦ ગદબદ પડદો કહી દાખવુરે, પરણીને પમાડુ સુખરે, પ ગદબદ ઘીને સાકરરે, રાણી ગદબદીઓ કંસારરે, રા૦ ગદબદ રાણીની ફુલ સેજડીરે, તેમાં પોહોડે ફુલાદે નારરે તેમાં૦

રાજા પડદા છોડી રહ્યા એટલે રાણીએ મારૂને રજા આપી તેથી મારૂ પોતાને ઉતારૂ પરણવાની તઇયારી કરવા સારૂ આવ્યા પોતે પહેરેલો પોશાક રાજાને આપીને કહ્યું કે તમે તાકીદથી પરણીને તમારે દેશ લઇ જજો કદાચ આ પ્રપંચ રાણીના જાણવામાં આવશે તો પંચાત થશે એવું કહીને મારૂ ઘોડા ઉપર સ્વાર થઇને રાયા રૂપાના શહેરમાં પોતાની નોકરી ઉપર આવી પહોચ્યો રાજા પણ રાતરે પેલાં લુગડાં પહેરીને રાણીને પરણી લાવ્યા અને સવારમાં પોતાની રાજધાની તરફ જવા સારૂ નીકળી પડયા ને રાજાની આવવાની ખબર જાણીને મારૂજી છુટી સ્વારીએ ઘોડો ચેકાવતાં રાજાની સામે આવવા સારૂ નીસર્યો રસ્તામાં ઘોડે ઘણી મસ્તી કરવાથી મારૂનો અંબોડો છુટી ગયો તેમાંથી

અત્તરની ખુસબો રાણીફુલાદેના રથમાં આવી એટલે રાણીએ દાશીને કહ્યું કે–

દુહો–ઝટપટ દાશી પડદો ખોલજેરે, મનેમારૂ જોયાની ખાંતરે મ. રાયારૂપા મારો બંધવોરે, કાંઇ ગજરામારૂ મારો કંથરે, કાં. રાયારૂપાનો ચુડો ભાગીઓરે, ગજરામારૂનો ચુડો હાથરે ગ. હવે શેહેર એનામાં નહીં રહું હુંતો નહી જાઉં એની સાથરે. હુંતો૦

અરે દાશી હું રાયારૂપાનો ચુડોભાગીને ગજરામારૂના નામનો ચુડો ધારણ કરશું હવે મારે એના શહેરમાં જવાનો નીમછે એવુ કહી પડદામાંથી ડોકુ બહાર કહાડી જોયુ એટલે મારૂ દીઠા મારૂ રાજાની પાસે આવ્યો રાયારૂપા મારૂને જોઇને ખુશી થયા અને શહેરના દરવાજાની પાસે આવી પહોંચ્યા એટલે રાણીએ પોતાનો રથ દરવાજા બહાર ઉભો રખાવ્યો પછી રાજાએ કારણ પુછ્યું ત્યારે રાણીએકહ્યું મારે બાર વરસ સુધી આ શહેરમાં પેસવાનો નીમ છે તેથી શહેર બહાર મેહેલ બંધાવી રાણીને રાખ્યાં રાણીએ ત્યાં એક સરોવર ખોદાવ્યું તે એવા વિચારથી કે કોઇ દીવસ મારૂ ઘોડો પાવાને અહીંઆં આવશે એમ કરતાં ઘણા દીવસપછી મહેલ તરફ ગયા ત્યાં સરોવર ભરેલુ દીઠુ એટલે ઘોડાને પાણી પાવા ગયા રાણીએ ગજરામારૂને આવતા દીઠા એટલે ઝરૂખે આવીને કહ્યુ કે

હે મારૂજી આ સરોવર કાંઇ તમારા ધરડાએ બંધાવ્યું નથી કે તમે વગર પુછે ઘોડાને પાવા લઇ જાઓછો મારૂએ ઘોડાને ખેંચી રાખી કહ્યું કે–

અરે રાણી પાણી વાસ્તે આટલાં લીલાં પીળાં કેમ થાઓછો મારો ઘોડો તમારા પાણીમાં ઉતર્યો તો તેને બદલે હું સારૂ તમને ટકુ આપુછું મારૂ ટકુ આપીને પાછો જાય છે એટલે રાણી કહે–

અરે મહારાજ તમે અહીયા પધારો પાછા જાઓતો તમને મારા સમ છે, રામની દવાઇછે મેં તમારા માટે તો બાર વરસનો નીયમ લીધોછે મારૂ ઘોડાને લઇને તે મેહેલમાં ગયો ત્યાં દાશીઓએ ઘોડો ઝાલી અને મારૂને પલંગ ઉપર બેસારીને વીવીધ પ્રકારની રસોઇ કરીને મારૂને જમાડયો ત્યાં હરખમાં આખી રાત જતી રહી અને સવાર થયુ ત્યારે રાણીએ મારૂને કહ્યું કે તમે માલણના ઘરમાંથી સળંગ ખોદાવજો મારૂ ત્યાંથી નીકળીને મકાન ઉપર આવ્યો અને માલણને બધી હકીકત કહી પોતે દરબારમાં ગયો અને રાતનો ઉજાગરો તેથી ઝોકાં આવતાં હતાં અને આંખો પણ લાલ થઇ હતી માટે એક સીપાઇ મારૂને મશ્કરીથી પુછવા લાગ્યો કે—

દુહો—આજની આંખ્યોરે ઠાકોર રાતીયોરે કાંઈ ઉજાગરાનુ ઘેનરે કાં૦ કીયા મોહોલેરે રંગ માણીઓરે ઠાકોર જાગ્યા છો સારી રાતરે. ઠાકોર૦ આજે કોઈ માનીતીને મોહોલે ગયા હતા કે ઉજાગરો થયો છે મારૂએ કહ્યું કે––

દુહો—અમે ગયાતા રાયની વાડીએરે જુંઅ સાથી મળ્યા દસ વીસરે જુ૰ કેશર કસુંબા ત્યાં ગોળીયારે, પ્રેમ પ્યાલાની મચી ગીસરે. પ્રેમ૰

અમે તો રાજાના બાગમાં ગયા હતા ત્યાં કેટલાએક સોબતીયોએ કસુંબો કહાડયો તેની કેફ હજી ઉતરી નથી સિપાઇએ કહ્યું કે—

દુહો—અમલની કેફો કકોર ઘેરીયોરે. મારો મોહરંગીનાં બાણુરે કાં નેણુ બળે છે નારી નીરખતાંરે શું સમજાવો ચતુરસુજાણરે. શું૰

મારૂજી માનો ન માનો પણ આખી રાત કોઇ નારી સામું એકો નજરે જોયાં કર્યું છે તેથી આંખ્યો બળે છે એટલું કહેતાંમાં મારૂને રીસ ચડી એટલે સીપાઈ દબાઇ ગયો પછી મારૂએ ઘેર આવી રાણીના મેહેલ સુધી સુરંગ ખોદાવી આવજાવ કરવા લાગ્યાં એમ કરતાં બાર વરસ પુરાં થવા આવ્યાં એટલે એક દહાડો રાજા રાણીને મહેલે પધાર્યાં તે વખત મારૂ મહેલમાં હતા તે રાજાને આવ્યા જાણી ઉતાવળા સુરંગમાં ઉતરી પડયા પણ માથાની પાઘડી રહી ગઇ રાજા મહેલમાં આવીને રાણી પાસે બેઠા અને કહ્યું કે હવે શેહેરમાં આવવાને બે ચાર દહાડા બાકી છે એમ કરતાં રાજાની નજર મારૂની પાઘડી ઉપર પડી એટલે રાણીને પુછયું કે—

દુહો—રાજા કહે રાણી સાંભળોરે, કાંઇ પુછીને લઇએ પારરે, રાણી બોલોને તમે સતવતીરે, રાણી કેટલા પુરૂષ ઘેર નારરે રાણી૰

રાજાએ કહયું કે તમે કેટલા પુરૂષની બીડો રાણીએ જાણ્યું કે રાજા પાઘડી જોઇ વેહેમમાં પડયાછે પણ મારે તો સાચેસાચું કહેવું જોઇએ રાણીએ કહ્યું કે

દુહો—સાચું કહું રાજા સતવતરે, તમે સુણજો સઘળો સારરે; ત૰ પતિવ્રતા વ્રત પાળીએરે, કાંઈ ચાર પુરૂષ ઘેર નારરે; કાં૰

હે રાજા મારે ચાર પુરૂષ છે પણ હું ખરેખરો પતિવ્રતા ધર્મ પાળું છું રાજાએ કહ્યું કે—

દુહો—પતિવ્રતા નારી એકનારે તમે ચાર કહ્યા તે કોણરે, તમે૰ પર પુરૂષ સાથે બોલતાંરે પ્રથમ ગણે તે બાપ બેનને. પ્ર૰

રાણી રાજાને ખુલાસો કરી સમજાવે છે.

દુહો—પલંગમાં રામા પોહતીરે. તેમાં પ્રથમ પાયા નર ચારરે. તે૰ તેની વચમાં સુવુ માહરેરે. માટે ગણ્યા તે મેં ભરથારરે, મા૰

રાજાએ ફરીને પુછયું કે તમે સાચી વાત કહો ત્યારે રાણી કહે છે.

દુહો—આવું કહેતાંરે રાજા રાંક થયોરે, તમે સુણીને પામજો પારરે. ત૰ જીવતા લગી એક ઝંખીએરે, અમે તે પુરૂષ ઘેર નારરે.

હે રાજા હું આ પાઘડીવાળા પુરૂષની નારછું રાજાએ કહ્યું કે એ પાઘડી

કાનીછે, રાણીએ કહ્યું કે તમારા નામની અમે બાર વરસ એ પાઘડી જોઇને મન વાળ્યુંછે કે એજ રાજા બેઠા છે રાજાએ પુછ્યું એ પાઘડી કોણે બાંધી આપી રાણી કહે મેં મારે હાથે બાંધીછે રાજા કહે ત્યારે અમારા દેખતાં ફરી બાંધો. રાણીએ કહ્યું પુરૂષના દેખતાં સ્ત્રીથી પાઘડી ન બંધાય રાજા પાઘડી આપીને પડદામાં ગયા એટલે રાણીએ સુરંગમાં બેઠેલા મારૂને આપી તેણે જેવી હતી તેવી બાંધીને તૈયાર કરી એટલે રાણીએ રાજાને બોલાવ્યા રાજા વિચારમાં પડ્યા કે આ પાઘડીની બાંધણી ઠાકોરના જેવી છે માટે ઠાકોરને આપણી આ-નોકરીમાંથી રજા આપવી. આવું ધારીને પોતાના મોહોલે પધારયા ઠાકોર પણ સુરંગમાં થઇને માલણને ઘેર ગયા અને નોકરીની વખત થયા બાદ હાજર થયા એટલે રાજાએ કહ્યું કે તમે પગાર લેઇ ઘેર જાઓ મારૂએ કહ્યું કે મેં મારા પઇસા માલણને ઘેર સોંપ્યાછે તે તમે સાચવજો જો કરી દાનત બગાડશો તો તમારી ખરાબી થશે કેમકે મારૂં નામ ગજરામારૂ છે. એટલુંજ કહેતાજ રાજાના મનમાં ધાશકો પડ્યો કે મુકરર ફુલાદેને લઇ જશે એવું ધારી રાજા વિદાય કરવા સારૂ ગયા મારૂએ પાછા ફરવાનું કહ્યું પણ વીસ ગાઉ સુધી રાજા સાથે ગયા પોતાની તરફ પાછા એટલે તરતજ મારૂએ પોતાના ઘોડાને ઉડાડી મુક્યો તે ગણગણુ કરતો ઘડીમાં ફુલાદેના મહેલમાં આવીને ઉભો રહ્યો રાતે રાયાઉ-પાને ઊંઘમાં શમણાં આવવા લાગ્યાં તેથી જાગીને રાજાએ મામીને કહ્યું કે.

દુહો—રાજા કહે મામી સાંભળોરે. મને અજંપો બહુ થાયરે; મને૦ પેહેલા પોહોરના શમણાં આવીયાંરે. કાંઇ મોહોલે ચઢતો રાયરે; કાં૦ બીજારે પેહોરનાં શમણાં આવીયાંરે. જાણે સોગટાં માંડ્યાં સોળરે; જાણે૦ બેઠા ચાવે બીડાં પા-નનાંરે. કાંઇ અધર દીસે રાતા ચોળરે; કાં૦ ત્રીજારે પહોરનાં શમણાં આવીયાંરે, મામી સાચો માને સઉ સારરે; મા૦ ભમર પલંગપર પોઢતારે, કાંઇ તુટ્યો નવસર હારરે, કાં૦ ચોથા પોહોરનાં સમણાં આવીયાંરે, જાણે મારૂ થયો અ-સવારરે; જા૦ ચતુર રેવંત પલાણીઓરે, લેઇ ચાલ્યો ફુલાદે નારરે; લેઇ૦

સ્વપનાની વાત સાંભળીને મામીએ રાજાને કહ્યું કે—

દુહો—શમણાં પડે સુકે લાકડેરે, કાંઇ શમણાં સમુદ્ર બેટરે; કાંઇ૦ શમણાં સાચાં ન હોય રાજવીરે, કાંઇ શમણાં વંઝા પેટરે; કાં૦ શમણે નીરધન પામે ધનરે, કાંઇ વંઝાને પ્રસવે પુત્રરે, કાંઇ૦ શમણે મુરખ વિદ્યા ભણેરે; કાંઇ સારૂ પામે ઘરસુત્રરે; કા૦ શમણે ભુખ્યો ભોજન જમેરે, કાંઇ તણાય તેની કુખરે, કાં૦ જાગીને જુવે સવારમાંરે, તોએ પેટમાં ભુખને ભૂખરે, તોએ૦

મામીએ સપનાની વાત સાચી નથી એમ કહ્યું પણ રાયારૂપાને ઉંઘ ન આવી તેથી ફુલાદેને મેહેલે ગયો અને બીતે થઇ ઉપર ચડ્યો.

દુહો—પાછલી રાતે મોહોલે કોણ ચડેરે, જાણે મોહોલે ચડતો ચોરરે; કાં૦ રાયારૂપા તને જાણુશે તો તો નહી રહે જીવ્યાનો ઠોરરે. રાજા એકદમ ઉપર ચઢી મોહોલમાં આવ્યો ત્યાં મારૂના જેવો માણસ દીઠો રાણીએ જાણ્યું કે એ બંને ભેગા થશે તો મહા ફેર વરતાશે તેથી રાજાને હાથ ઝાલી જરૂખામાં લઈ ગઈ અને કહ્યું કે—

દુહો—બેહેનને મેહેલે શું આવીયારે તમે જાઓને માડી જાયા વીરરે, તમે૦ રાયારૂપાનો ચુડે; ભાગીઓરે; ગજરામારૂનાં ઓઢ્યાં ચીરરે, ગજરા૦

અરે રાજા હું તો ગજરામારૂની ધણીઆણી છું અને તમે મારા ભાઈછો એ-થી રાજાને બહુ ગુસ્સો ચઢ્યો અને રાંડને ઝાડે લટકાવી તીરંમબાજી કરવાનો નીશ્ચય કરી પોતે મામી પાસે આવીને બધી વાત કહી તે સાંભળી મામીએ કહ્યું કે;

દુહો—મોળીયું મુકીને ઓઢ ચુંદડીરે, કાંઈ લજવ્યું કુળ કપૂતરે. કાંઈ૦ બાલો ભાગીને ઘડાવ રેંટિઓરે કાંઈ કાંતો ઝીણાં સુતરે: કાંઈ૦ તેની વણાવે ઝીણી પામરીરે જાઈ મુકો મારૂજીને ભેટરે; જાઈ૦ જેમ જાનવર પોતે પાળેછેરે તેમ તારૂં ભરશે પેટરે; તેમ૦

મામીએ રાયારૂપાને ઘણાં મેણાં મારયાં પણ મારૂએ તઈયારી કરવા માંડી સવાર થતાં રાણી અને દાશીને ઘોડા ઉપર બેસારી રાયારૂપાની કચેરીમાં લઈ ગયો રાયારૂપાએ તેમને દીઠાં કે તરત પોતાના સ્વારોને તેમને પકડવાનો હુકમ કર્યો એટલે મારૂએ ઘોડાને ઉડાડી મુકયો અને રાજા તથા તેમના સ્વારો મોં વકાસી જોઈ રહ્યા. મારૂ ફુલાદે રાણીને પીયરમાં મુકીને પોતે ઉઃલઉડલના મુલકમાં ગયો અને ત્યાં માહાદેવની વાડીમા ઉતારો કરયો ત્યાંના રાજાની કુવરી સુઘડદેને મારૂની સાથે વરવું છે માટે માહાદેવની પૂજા કરેછે એક દહાડો કુવરી માહાદેવની પૂજા કરવા વાડીમાં આવી ત્યાં મારૂજીને દીઠા એટલે તેનું રૂપ જો-ઈને સુગડદે પુછે છે;

દુહો—કીયારે મુલકથી તમે આવીયારે તમે કીયા મુલકમાં જાઓરે તમે૦ કેઈ જનેતાને પેટ જનમીયારે તમે કેઈ ગોરીના નાવરે ત૦ સાચું બોલોરે રાજા સત વંતારે કાંઈ કીયાં તમારાં ગામરે, કાંઈ૦ કુંવર છો રાજા કોણ તણારે, વળી શું છે તમારૂં નામરે. વળી૦

તે સાંભળી મારૂએ કહ્યું કે—

દુહો—ઉત્તર ખંડથી અમે આવીયારે, કાંઈ પશ્ચિમ અમારો ભાવરે કાંઈ૦ આભામંડળના અમે રાજવીરે, રાણી મંછા ગોરીના નાવરે, રાણી૦ હું તો કુંવર રાજા જામતોરે ગઢ માંડવ મારૂ ગામરે કાંઈ૦ અણુમાનીતીનો દીકરોરે કાંઈ ગજરોમારૂ છે નામરે; કાંઈ૦

અમે ઉત્તરથી આવ્યા છીએ પશ્ચિમ તરફ જવું છે અને જે મારા ઉપર મોહિત થઇ મને ઇચ્છે છે તેનો હું પુરૂષ છું રાણીના મનમાં આનંદ આનંદ થયો અને કહ્યું કે મહારાજ હું તમને વરી ચુકી છું માટે સાંજના મહારા મોહોલે પધારજો એમ કહી સુઘડદે પોતાના મેહેલમાં પોતાની સખી દેવળદે જે પ્રધાનની કુંવરી છે તે સાથે આવી અને રંગમેહેલ શણગાર્યો.

દુહો—રંગમેહેલનો સુંદર ઓરડોરે કાંઇ ઓપ્યો છે ઝાકઝમાળરે, કાં૦ મેવા ફળ માંહી મુકાવ્યારે કાંઇ રાજવળાની રીતરે, કાં૦ રસોઈ બનાવી બત્રીસીરે કાંઇ અદકી આણી પ્રીતરે, કાંઇ૦ દુધ અતી ઉકાળીઆંરે કાંઇ તેજાના તઇયારરે, કાંઇ૦ મારૂ જોતાં પોતે મોહી રહેરે કાંઈ સજ્જન માંડ્યા શણગારરે કાંઇ૦

રાણીએ પોતાનો મેહેલ ભપકાદાર કર્યો અને પોતાના પ્રાણધારને માટે બત્રીસી રસોઇ તઇયાર કરી પછી પોતે શણગાર પેહેરવા માંડ્યા.

દુહો—જરકશીનો સુંદર સાળુડોરે, માંહી ઝાંઝા કસુંબી રંગરે, માંહી૦ તેનો ઓઢ્યો અલબેલીએ જેમાં ભાસે ગોર અંગરે, જેમાં૦ વેણ લાંબી શોપ સરીખડીરે, ફેણ જાણે મણિ શીશ ફુલરે ફેણ૦ સેંથે સીંદુર પુર્યોરે શોભતોરે મૃગ મદની લીધી ચોત ચોટરે. ભ્ર૦ ભાલ સુંદર બીરાજતુંરે મદઘતીનું જોબન જોરરે મદ૦ ભ્રગુટી કમાન છબીલડીરે સ્તનમાં લોચન રસ કંપરે, સ્તન. અતી અણીયાળાંછે નેણરે, ચપળ ઘણાં છે કટાક્ષ રૂપરે, નાશિકાની વાળી જાણે જુમણેરે વેશરે મુક્ત છેલ બહુ ઢાલરે, વેશ૦ અરૂણ આધારપર ઢળકતાંરે જોતાં મુનિ ચળે તતકાળરે જો હોય કરે મદ મધુરરે કાંઇ દાડમ બીજ શા દાંતરે, કાં૦ કુંદનરેખા દીસતી ઝળકતીરે, ચળકટ ચોરે શું ચિતરે. જુગલ માણી છે ગાલક તારે ફુલ પાન પીઆને જુમરે ફુ૦ ગોફણો ગોરીનો ધમકતોરે ઘણો ઘુઘરડી કેરો ગુચ્છરે ઘ૦ કોટી સુરજ વર નારીએરે, સુંદર મુખડું મધુંછે ગાનરેસું૦ રંગ તંબોળ મુખ ચાવસોરે ભ્રગનેણીનો વાંકો મોડરે મૃગ૦ જરકશી બુટાની કાળી કંચુકીરે, કશી કશીને પેહેરી કોટરે, ક૦ તુશી તનમનીયાં હેમનાં હાંસડીરે માદળી કરી ગળે ચંદનહાર ચોસરનોરે મુક્તાફળ માળ વિશાળ મુક્તા કંકણ સહીત કનક કર ચુડોરે મગગજ બજોઠોછે સારરે મ૦ વાંક વીંટી બાજુબંધ એરખી છલા આરસી રહી છે હાથરે. છ કુંવરી બની અનુપમ અપસરા કં. તેજ તણો નહી પારરે કાં૦ ફુલ અતર મેંકી રહયાંરે. એવી બની સુઘડદે નારરે.

ઘણા સરસમાં સરસ અને શોભિતા શણગાર પેહેરી રાણી સુઘડદે પોતાના માનીતા મારૂની વાટ જોતી ઝરૂખે બેઠીછે, એટગે ગજરામારૂ પોતાના રૈવંતને મહાદેવની વાડીમાંથી કુદાવીને રાણીના મેહેલમાં આવ્યો. રાણી મારૂને જો ખુશી થયાં અને બત્રીશ ભાતની રસોઇ તૈયાર કરેલી હતી તે જમાડી ચ

…ંગ ઉપર બેઠાં અને આનંદની વાતો કરતા આખી રાત ગઈ. અને વહાણું વાયું એટલે રાજા ઘોડા ઉપર બેસારીને શેહેર વચે થઈ ચાલવા માંડયું તે જોઈ શેહેરના લોકો રાજા પાસે ગયા અને કહ્યું કે કુંવરીને ઘોડે બેસારી કોઈ મુસાફર લેઇ જાયછે એવું સાંભળી રાજાએ તમામ સ્વારોને પકડી લાવવાને હુકમ કર્યો તેથી લશ્કર સહીત પ્રધાન વિગેરે તમામ માણસો પકડવા ગયા તેમણે મારૂને ઘેરી લીધો પછી મારૂએ મહાદેવની સ્તુતી કરવા માંડી એટલે મહાદેવ પ્રસન્ન થયા એટલે રાજાના બારગીરોનાં બાણ ગોળીઓ ખાલી જવા લાગી તે તમાસો જોઇ રાજા અચંબો પામ્યો અને પ્રધાનને મોકલી મારૂને પુછાવ્યું કે મહારાજ તમે કોણ છો. મારૂએ કહ્યું કે હું માંડવગઢના જામરાજાનો કુંવર ગજરોમારૂ છું એ વાત સાંભળીને પ્રધાન અને રાજા ખુશી થયા થયા અને મારૂને ઘેર લાવી કુંવરી પરણાવવાની તૈયારી કરી ત્યાં મારૂ ફેરા ફરે છે અને સ્ત્રીઓ ગીત ગાય છે.

દુહો—સઇઅર સહુ મળી સાથમાંરે, કાંઇ હરખે ગીત ગવાયરે કાં. ચોરી બંધાવી ચોકમાંરે, ત્યાંતો ચાર મંગળ વરતાયરે, ત્યાં૦ મંગળ ફેરા ફેરવેરે, કાંઇ જોવા મળી સહુ જાનરે, કાંઇ હસ્તી ઘોડા હીરા મોતીનારે, માતપિતાએ આપ્યાં દાનરે, મા. પરણી ઉઠયા કાંઇ પ્રાણ નાથરે, કાંઇ આનંદ વાગ્યો અંગરે, કાંઇ સુધડદે દેવળદે બે રાણીઓરે, પરણી ચાલ્યા પોતે સંગરે, પરણી૦

મારૂને સુધડદે અને દેવળદે બંને કુંવરીઓ પરણાવી રાજાએ ઘણો માલ આપીને લાવલશ્કર સાથે વિદાય કર્યા તે રાણી ફુલાદેના નગરમાં આવ્યા ત્યાં પણ ઘણુ ધન અને લશ્કર મળ્યું જે લેઇ પોતાના શેહેરનો રસ્તો પકડયો રસ્તે આવતાં વડ ઉપર રાણી ચંપાદે હતાં તેમને પણ સાથે લીધાં અને પોતે ચાર રાણીઓ સહીત ગામની ભાગોળે મુકામ કીધો. જામરાજા લશ્કરની ધામધુમ જોઇને બીહી ગયો તેમને દેહેસત લાગી કે મારાં ખાંડીયા મેડીયા પુત્રોમાં કાંઇ દમ નથી અને દુશ્મનનું દળ તો ઘણુ ભારેછે માટે જો આ વખત ગજરોમારૂ હોતતો તે મકરર જીતના ડંકા દેઇને દુશ્મનોના દળને ચકચુર કરી નાંખત પણ હવે શો ઉપાય. એવી શોચના કરેછે એટલામાં વધામણી આવી કે બાર વરસ પુરાં થયેથી ગજરામારૂ ઘેર આવ્યા. એવું સાંભળતાંજ રાજા અને રાણી બહુ ખુશી થયાં. અને ઘણી ધામધુમ સાથે સામઇયું કરી રૂપાનાં ફુલ પડાવી વાજતે …જતે મારૂને ઘેર લાવી ગાદીએ બેસાર્યો.

દુહો—માતપિતાએ વધાવીઆરે કાંઇ હરખ કહ્યો નવ જાયરે કાં પિતાને બેકર જોડીનેરે, દામાવંતીને લાગ્યો પાયરે, દા. રાણીઓ પરણીને મળ્યા માતનેરે, દામાવંતીના પુરયા કોડરે, દા. કરજોડીને કવી વીનવેરે બોલો જય જય શ્રીરણછોડબોલો.

સમાપ્ત.